**સુવિચાર**
ઈમાનદાર હોવાનો અર્થ છે હજાર મણકામાં અલગ ચમકતો હીરો !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૫/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કેસર મોહીની શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ વૈશાખ વદ-૩ વર્ષ : ૧૬ અંક : ૧૩૧

## એસ.ટી. બસ સાથે બાઈક અને કાર અથડાતાં દોડધામ મચી

# રાજુલાનાં હિંડોરણા નજીક ટ્રિપલ અકસ્માતમાં ૩ વ્યકિતનાં મોત

**મારૂતિ સ્વીફ્ટ કારમાં સવાર પાદરા વિસ્તારનાં ૩ વ્યકિતનાં કમકમાટીભર્યા મોત નિપજયા**

**દિવથી પરત ફરીને પાદરા જતાં હોય માર્ગમાં અકસ્માત થતાં ૩ વ્યકિતઓએ જીવ ગુમાવ્યા**

**પોલીસે મૃતકનાં મોબાઈલનાં આધારે ઓળખ મેળવીને સગા-સંબધીઓને જાણ કરી**

**અકસ્માત એટલો ગંભીર હતો કે કારના બુકડા બોલી ગયા હતા**



અમરેલી, તા. ૧૪

રાજુલા પાસે ટ્રિપલ અકસ્માત માં ત્રણના કમકમાટીભર્યા મોતનિપજયા. ગુજરાતએસ.ટી.નીબસ સાથે મારૂતિ સ્વિફટ અને બાઈકનાં અકસ્માતમાં પાદરાની ૩ વ્યકિતઓના ફોર વ્હીલરમાં કમકમાટીભર્યા મોત નિપજયા હતા. અમરેલી, ભાવનગર, સોમનાથ નેશનલહાઈવેઉપર રાજુલાના હિંડોરણારોડ પાસેમીરાદાતારનીનજીક એકભયંકરઅકસ્માતનીઘટનાબનીછે. આ ગંભીર દુર્ઘટનામાં રાજુલા–જાફરાબાદ રૂટનીએસ.ટી.બસ, સ્વિફટ કાર અને બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો જેમાં ૩ વ્યકિતના કમકમાટીભર્યા મોત થયા છે. મૃતકના સ્વજનોનો પોલીસે સંપર્ક કરીજાણ કરી દેવામાંઆવીછે. તેઓના પરિવારજનોને બોલાવી લેવામાં આવ્યા છે. ફોર વ્હીલરમાંસવાર ત્રણેયલોકોકારનીઅંદર મૃત્યુ પામ્યા હતા. પોલીસે મૃતકના મોબાઈલમાંથીઓળખ મેળવી કોન્ટેકટ કર્યા હતા. સ્વિફટ કારમાં સવાર ત્રણેય પાદરાનાં રહેવાસીઓ હોવાનું જાણવા મળ્યું છે અને તેઓ દીવ તરફથી આવી રહ્યાહતા. અકસ્માતમાંમરનાર મૃતકના નામ દેવાભાઈ મિતેષભાઈ સોની તથાજયભાઈ પટેલ તથા સુમુખભાઈ ગીરીશભાઈ ઠક્કર (રહે. તમામ પાદરા, જી. વડોદરા) આ અકસ્માતમાં એસ.ટી. બસની પાછળ આવતા બાઈક ચાલક એસ.ટી. પાછળ ઘૂસી જવાને કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

મળતી માહિતી મુજબ રોંગ સાઈડથી આવતી સ્વિફટ કાર ઉછળીને એસ.ટી. બસની સાઈડમાં આવી જતા આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટના સર્જાતા રાજુલા પોલીસ અને એસ.ટી. ડેપોના

અનુસંધાન પાના ૬ ઉપર



# જસદણનાં બાબુભાઈ તેંરૈયા પાસેથી રૂપિયા ૩ લાખ લીધા બાદ પરેશાની વધી

# અમરેલીનાં લાપાળીયા ગામનાં ખેડૂતનાં દીકરાને વ્યાજે નાણા લેવાનું મોંઘુ પડયું

**ખેડૂત પુત્રએ ૩ લાખનાં બદલામાં ૧૨ લાખ ચુકવી દીધા છતાં વ્યાજખોરે ૧૦ લાખની વધુ ઉઘરાણી કરી**

**ખેડૂતની ૯ વીઘા જમીન પણ લખાવી લીધી, ૮૦૦ મણ કપાસ પણ લઈ લીધો**

**ખેડૂત પરિવારે ૩ લાખનાં બદલામાં લાખો રૂપિયા ચુકવ્યા છતાં પણ રકમ ઓછી ન થઈ**

**અંતે ખેડૂતે સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાના લાપાળીયા ગામે રહેતા કનુભાઈ જાદવભાઈ લુણાગરીયા નામના ૬૯ વર્ષિય વૃધ્ધ ખેડુતના મોટા દિકરા શૈલેષભાઈ કનુભાઈ લુણાગીરીયાએ રાજકોટ જિલ્લાના જસદણ ગામે રહેતા આરોપી બાબુભાઈ પરશોત્તમભાઈ તેંરૈયા પાસેથી આજથી ચાર વર્ષ પહેલા ૩,૦૦,૦૦૦ રૂપિયા ૧૦ ટકાનાં દરે વ્યાજે લીધેલ હતા અને તેમણે તેના પર ૩૦ ટકા ચક્રવૃધ્ધી વ્યાજ લગાવીને શૈલેષભાઈ પાસે રૂપિયા ૧૨,૦૦,૦૦૦ વ્યાજ સાથે માંગેલ હતા. અને જો આ રકમ વૃધ્ધ ખેડૂત અને તેમના દિકરા આરોપીને ૧૦ દિવસમાં ન ચુકવી આપે તો વૃધ્ધ ખેડૂતના દિકરા તથા પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી અને રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી શારિરીક–માનસીક ત્રાસ આપતા હોય. જેથી આ વૃધ્ધ ખેડૂતે એસ.બી.આઈ. બેંકમાંથી પોતાની માલીકીની જમીન પર લોન લઈને આરોપીએ રૂપિયા ૧૨,૦૦,૦૦૦ પરાણે કઢાવી લીધેલ હતા. તેમ છતાં આરોપી ખેડૂત અને તેના દિકરા પાસે મુદ્દલ અને વ્યાજ સહિત રૂપિયા ૧૦,૦૦,૦૦૦ની માંગણી કરતો હોય અને ખેડૂત અને તેમના દિકરા આ રકમ ચુકવી શકે તેમ ન હોય. જેથી ખેડૂતની મરણ મુડી અને જીવન નિર્વાહનાં સાધન સમાન ૯ વિઘા જમીનનું રજીસ્ટર બાનાખત કરી આપવા આરોપીએ દબાણ કરેલ હતુ. અને જો આ બાનાખત ન કરી આપે તો ખેડૂત અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ખેડૂતે ગત તા.૧૦/૧૦/૨૩ના રોજ આરોપીને પોતાની ૯ વિઘા જમીનનું આરોપી અગાઉથી લખીને તૈયાર કરી લઈ આવેલ બાનાખતમાં રજીસ્ટ્રાર ઓફિસમાં પરાણે સહી કરાવી લીધી હતી. તેમ છતાં આ આરોપીએ ખેડૂત અને તેના દિકરા પાસે આજીવન વ્યાજની માંગણી કરતા હોય અને આ વૃધ્ધ ખેડૂત આ વ્યાજની રકમ ભરી શકે તેમ ન હોય જેથી આરોપીએ ખેડૂતની રજા વગર તેમના ઘરમાં ગેરકાદેસર પ્રવેશ કરી, ઘરમાં બે વર્ષથી રાખેલ કુલ ૮૦૦ મણ કપાસ જેની અંદાજે કિંમત રૂપીયા ૧૧,૨૦,૦૦૦ પરાણે બળ જબરીથી, ધમકીઓ આપી કઢાવી લઈ જઈ અને વેચી નાખેલ હતો. તથા આરોપી વાપરવા લઈ ગયેલ આશરે કુલ કિંમત રૂપિયા ૧૨૦૦૦ ખેતીના સાધનોને પણ બારોબાર ભંગારમાં વેચી નાખી વિસઘાત કરી, તેમાંથી આવેલ તમામ રકમ પણ આરોપી બાબુભાઈ તેરૈયાએ પોતાના ઉપયોગમાં લઈ લીધેલ હતી. તેમ છતાં આરોપી વધુ વ્યાજ માંગતા ખેડૂતે ના પાડતા ખેડૂત પાસે પરાણે જે બાનાખતમાં સહી કરાવેલ હતી અને ખેડૂતની લાપાળીયા ગામે આવેલ ૯ વિઘા જમીનમાં બે વર્ષથી ખેડૂતની મંજુરી વગર ગેરકાયદેસર પ્રવેશ કરી કબ્જો કરી લઈ જમીનની બજાર કિંમત રૂપિયા ૪૦,૦૦,૦૦૦ હોય તે રૂપિયા ૧૧,૦૦,૦૦૦ના બાનાખતનો ખોટી રીતે ઉપયોગ કરી, બેવર્ષથી બળજબરીથી ખેડૂતની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી કબ્જો કરી લીધા અંગે વૃધ્ધ ખેડૂતે આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

**જીતુભાઈ ગોળવાળા પરિવારનું ગૌરવ વધાર્યુ**

## સાવરકુંડલા : ધો. ૧૦ની પરીક્ષામાં જાનવી સોમૈયાને ૯૮.૩૧ પીઆર

**પરીક્ષાર્થીની ઉપર અભિનંદનવર્ષા શરૂ**

અમરેલી, તા. ૧૪

અમરેલી અને સાવરકુંડલાનાં જાણીતા જીતુભાઈ ગોળવાળા પરિવારની લાડલી જાનવી કૌશિકભાઈ સોમૈયાએ તાજેતરમાં લેવાયેલ ધો. ૧૦ની વાર્ષિક પરીક્ષામાં સ્વામીનારાયણ ગુરૂકુળમાં અભ્યાસ



કરીને ૯૮.૩૧ પીઆર મેળવીને સમગ્ર સોમૈયા પરિવારનું ગૌરવ વધારેલ છે.

ચિ. જાનવી જીતુભાઈ ગોળવાળાનાં ભાઈ મુકેશભાઈની પૌત્રી હોય સમગ્ર વેપારી આલમ અને રઘુવંશી સમાજે શુભેચ્છા પાઠવી છે.

---

**વ્યાજખોરીની ફરિયાદ દાખલ થતાં પક્ષ પ્રમુખ આકરા પાણીએ**

## અંતે સાવરકુંડલા ભાજપનાં ઉપપ્રમુખ ભાવેશભાઈ વિકમાને પ્રાથમિક સભ્યપદેથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાયા

**ભાજપમાં રહીને અસામાજિક પ્રવૃત્તિઓ કરનારાઓમાં ફેલાયો ફફડાટ**

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખપદે અતુલ કાનાણીની વરણી થયા બાદ ભાજપમાં રહીને અસામાજીક પ્રવૃતિ કરતા કાર્યકર્તાઓને પક્ષમાંથી હાંકી કાઢવાનું અભિયાન શરૂ થતાં પક્ષનાં નામે ધાકધમકી કરતા કે અસામાજીક પ્રવૃતિ કરતાં કાર્યકર્તાઓમાં ફફડાટ ફેલાયો છે.

થોડા દિવસ પહેલા દામનગરનાં એક કાર્યકર્તાને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા બાદ સાવરકુંડલા શહેર ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ ભાવેશભાઈ ગોલણભાઈ વિકમા કે જેઓની સામે વ્યાજ ખોરીની પોલીસ ફરિયાદ દાખલ થયેલ હોય આવા ગંભીર પ્રકારના ગુનાહિત પ્રવૃતિમાં નામ આવવા બદલ તેઓને પાર્ટીની તમામ જવાબદારીઓ અને પ્રાથમિક તેમજ સક્રિય સભ્ય પદેથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

---

**પુ.પા.ગો.૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ અને અનુગ્રહકુમારજી મહોદયનાં સાનિધ્યમાં**

## અમરેલીમાં આજથી દ્વારકાધીશજી નંદાલયનાં ૯માં પાટોત્સવનો આસ્થા અને ઉત્સાહભેર પ્રારંભ

**શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનાં મુખેથી સર્વોત્તમ રસપાન કરાવાશે : વૈષ્ણવોમાં ઉત્સાહ**

અમરેલી, તા. ૧૪

શ્રી દ્વારકાધીશજી પ્રભુનાં નંદાલયનો નવમો પાટોત્સવ આજે તા. ૧૪ થી આગામી તા. ૨૦ સુધી દરરોજ સાંજના ૪ થી ૭ સુધી યોજાનાર છે. જેમાં દ્વારકાધીશજી હવેલી ખાતે આવેલ શ્રી દ્વારકેશ પેલેસ ખાતે શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનાં મુખેથી સર્વોત્તમ રસપાન કરાવાશે.

આ પાટોત્સવ નિમિતે પ્રભુના અલૌકિક વિવિધ મનોરથો યોજાશે. જેમાં આજે તા. ૧૪ નાં રોજ શિસમ બાંગલા, તા. ૧૫ નાં રોજ મોતીનાં બંગલા, તા. ૧૬ નાં પનઘટ, તા. ૧૭નાં ચંદનનાં બંગલા, તા. ૧૮નાં ફુલનાં બંગલા, તા. ૧૯નાં કમળનાં બંગલા, તા.૨૦નાં ગુલાબી ગુલાબનાં બંગલાનાં મનોરથો અને ભવ્ય મંગલ પાટોત્સવ તા. ૨૦/૫/૨૫નાં રોજ યોજાશે.

આ પ્રસંગે મંગળા દર્શન ૭:૩૦ થી ૮:૩૦, પલના નંદમહોત્સવ સવારે ૧૦:૧૫ પછી અને રાજભોગમાં



તિલકઆરતી બપોરે ૧૨ કલાકે તથા ચંદન શયનમાં ગુલાબી ગુલાબ ગુલાબના બંગલા સાંજે ૭:૩૦ કલાકે, અને શૃંગાર તથા ભોગ આરતી ભીતર કરવામાં આવનાર છે.

આ પાટોત્સવમાં મનોરથીઓના સહયોગથી પાટોત્સવ કાર્યક્રમમાં વિશાલ સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડયા હતા. આ તમામ કાર્યક્રમનો લાભ લેવા અને રસપાન કરવા માટે થઈ શ્રી દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ મંડળ દ્વારા નિમંત્રણ અપાયેલ છે.

---

**ઢસા તરફથી આવી રહેલ ટ્રકમાં આગ**

## અમરેલી–લાઠી માર્ગ ઉપર સિમેન્ટ ભરેલ ટ્રક આગથી ભડભડ સળગી ગયો

**થોડીવાર માટે વાહન વ્યવહાર અટકી ગયો**

અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામ નજીક એક ટ્રકમાં કોઈ કારણોસર વિકરાળ આગ લાગતા ફાયર વિભાગ ઘટના સ્થળે ન પહોંચતા ટ્રક આગમાં ખાખ થઈ ગયો હતો. જેને લઈ અમરેલી–ભાવનગર સ્ટેટ હાઈવે પર એક તરફનો વાહન વ્યવહાર થંભી ગયો હતો.



આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ લાઠી તાલુકાના અમરેલી–ભાવનગર સ્ટેટ હાઈવે ઉપર આવેલ જાનબાઈ દેરડી ગામ નજીક ઢસા ગામ તરફથી સિમેન્ટ ભરીને આવી રહેલા એક ટ્રકના એન્જિનમાં કોઈ કારણોસર આગ લાગ લાગતા અને ઘડીભરમાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પરંતુ ફાયર વિભાગ ઘટના સ્થળે ન પહોંચતા ટ્રક આગમાં ખાખ થઈ ગયો હતો. જેને લઈ અમરેલી–ભાવનગર સ્ટેટ હાઈવે પર એક તરફનો વાહન વ્યવહાર થંભી ગયો હતો. ટ્રકમાં આગ લાગવાના બનાવને લઈ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

જો કે આ બનાવ અંગે કોઈ જાનહાની થવા પામેલ ના હોય જેથી લોકોએ રાહત અનુભવી હતી. જયારે આગ લાગવા પાછળનું કોઈ કારણ તથા નુકશાની અંગે સત્તાવાર કોઈ જાહેરાત થવા પામેલ નથી.

---


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮


---

## ધારી : ઈસ્માઈલી સમાજનું ગૌરવ

ધારી, તા. ૧૪

ધારી તન્ઝીમ જાહીરભાઈ વેલાણીએ આર કે યુનિવર્સિટીમાં msc microbiology ના લાસ્ટ સેમિસ્ટરમાં 9 SGPA out of 10 SGPA એ સાથે ગ્રેડએ મેળવીને ઈસ્માઈલી સમાજનું ગૌરવ વધારેલ છે.



---

**નાયબ દંડક વેકરિયાની જહેમતથી શરૂ થયેલ**

## વડિયાની કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી

**વિદ્યાર્થીઓને સંપર્ક કરવા જણાવાયુ**

અમરેલી, તા. ૧૪

વડિયા ખાતે નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી ૧૫ જુન થી કોલેજ શરૂ તથી હોય વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

તમામ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને પરવડે તે રીતે ફી નુ ધોરણ રાખવમાં આવેલ છે. સરકાર તરફથી મળતી સ્કોલરશીપનો વિદ્યાર્થીઓને લાભ મળશે.

કોલેજમાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રોફેસર દ્વારા શિક્ષણ અપાશે. કોલેજમાં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, નામાના મુળતત્વ, વાણિજય



ગણિત, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન સહિતના વિષો રાખી શકાશે.

વધુ વિગત માટે શ્રી સુરગવાળ સાર્વજનીક હાઈસ્કુલનો સંપર્ક કરવા જણાવાયુ છે.

---

**જિલ્લા કલેટકર અજય દહિયાનાં હસ્તે**

## અમરેલી જિલ્લાની વણથંભી વિકાસ ગાથાને વર્ણવતી પુસ્તિકાનું વિમોચન કરાયુ

**સરકારી કચેરીઓ દ્વારા થયેલ વિકાસ કાર્યનું વર્ણન**

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન વિવિધ ક્ષેત્રે થયેલા સર્વાંગી વિકાસની ગાથાને વર્ણવતી પુસ્તિકા 'વિકાસ વાટિકા ૨૦૨૪–૨૫'નું અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લામાં કાર્યરત રાજય સરકારની વિવિધ કચેરીઓ દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫માં કરેલા વિવિધ વિકાસકાર્યોની ધ્યાનાકર્ષક વિગતોને આ પુસ્તિકામાં આવરી લેવામાં આવી છે. 'વિકાસ વાટિકા' પુસ્તિકાનું વિમોચન કરતા જિલ્લા કલેકટર અજય દહિયાએ, અમરેલી જિલ્લા માહિતી કચેરીની ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. વિકાસ વાટિકાના સુકાની તરીકે તેમણે આ પુસ્તિકાના નિર્માણમાં સતત માર્ગદર્શન પૂરૂ પાડયું હતું.

આ પુસ્તિકામાં વર્ષ ૨૦૨૪માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લાઠી ખાતેથી થયેલા



વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત, રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અમરેલી જિલ્લામાં યોજાયેલા પ્રાકૃતિક કૃષિલક્ષી પરિસંવાદો તેમજ કાર્યક્રમો, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં થયેલા લોકાર્પણ અને ખાતમુહૂર્ત જેમાં અમરેલી શહેરને મળેલી અત્યાધુનિક બસ પોર્ટની ભેટ, રાજમહેલ અમરેલીના પુનરોદ્ધારનું ખાતમુહૂર્ત સહિતના આઈકોનિક વિકાસકાર્યોની ગાથાઓને આવરી લેવામાં આવી છે.

આ પુસ્તિકામાં, અમરેલી જિલ્લાની કૃષિ, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય, મહિલા અને બાળવિકાસ, મસ્ત્યોદ્યોગ સહિત જિલ્લાની વિવિધ કચેરીઓના વિકાસકાર્યોને આવરી લેતી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, આ પુસ્તિકા 'વિકાસ વાટિકા ૨૦૨૪–૨૫'માં અમરેલી જિલ્લામાં વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રે થયેલા સર્વાંગી વિકાસનો સાર જાણી શકાશે.

વિમોચન વેળાએ અમરેલી જિલ્લા નાયબ માહિતી નિયામક તેમજ અમરેલી જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીઓને પુસ્તિકાના વિમોચન બદલ જિલ્લા કલેકટરએ અભિનંદન પાઠવ્યા હતા.

## શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટ, બિસ્માર માર્ગો, જર્જરિત ઈમારતો સહિતની અનેક સમસ્યાઓ

# ભાઈ સા'બ : અમરેલીમાં રખડતા પશુઓની સમસ્યા દૂર કરો

**મંતેલા સાંઢની જેમ જાહેર માર્ગો ઉપર યુધ્ધ ખેલતા આખલાઓથી વ્યાપક પરેશાની**

**જાહેરમાર્ગો ઉપર રખડતા પશુઓનો અડિંગો હોવાથી વાહનચાલકો પણ તોબા પોકારી ગયા**

**શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટની સમસ્યા પણ વિકરાળ બનતી હોય શાસકોને કાંઈ પડી નથી**

**શેરીઓમાં શહેરીજનોને દિ'રાત દોડાવતાં રખડુ શ્વાને પણ ચિંતા વધારી**




અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરમાં માર્ગો, પાણી, સ્ટ્રીટલાઈટ, ગટર, રખડતા પશુઓની સમસ્યાનાં નિરાકરણની જવાબદારી એ ગ્રેડની પાલિકાને સોંપવામાં આવી છે અને આ પાલિકાનાં શાસકો શહેરીજનોને સુવિધા આપવામાં અનેક ક્ષેત્રે નિષ્ફળ સાબિત થઈ રહ્યા હોય પ્રાદેશિક નિયામક કે શહેરી વિકાસમંત્રી શહેરીજનોનાં હિતમાં કોઈ આદેશ કરે તે જરૂરી છે.

શહેરની જનસંખ્યાનો આંક દોઢ લાખ સુધી પહોંચી ગયો છે. શહેરનો વિકાસ ચારે દિશાઓમાં થઈ રહ્યો છે અને નવા વિસ્તારમાં માનવ વસાહત શરૂ થાય તે પહેલા તો રખડુ શ્વાન અને રખડતા પશુઓ પહોંચી જાય છે.

શહેરમાં અંદાજિત ૨૫૦૦ આસપાસ રખડતા પશુઓ હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. જેમાં ગાય, આખલાઓનો સમાવેશ થાય છે. બીજી તરફ તેટલી જ સંખ્યામાં ગલીએ-ગલીએ રખડુ શ્વાન જોવા મળી રહ્યા છે.

શહેરીજનોને ઘરની બહાર નીકળતા પહેલા રખડુ શ્વાનની ગતિવિધિ નિહાળવી જરૂરી બની છે. બાળકો, વૃધ્ધો અને મહિલાઓને પરેશાન કરતા રખડુ શ્વાનની સમસ્યાનું કાયમી નિરાકરણ કોઈને યાદ આવતું નથી.

તદુઉપરાંત બંધ સ્ટ્રીટલાઈટ, અનિયમિત પાણી વિતરણ, વિકરાળ ટ્રાફિક સમસ્યા, ફૂટપાથ પરનું દબાણ, બિસ્માર માર્ગો સહિતની અનેક સમસ્યાઓ વિકરાળ છતાં પણ પાલિકાનાં શાસકો કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા હોય તેવું લાગી રહ્યું છે.

### કવિવર રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે

## અમરેલીમાં આગામી શનિવારે ''જળનાં ભરોસે'' નામે કવિ સંમેલન યોજાશે

**રાજયનાં ગણમાન્ય કવિઓ કવિતા રજુ કરશે**

અમરેલી, તા. ૧૪

ગુજરાતી ભાષાના સૌના લાડકા કવિવર રમેશ પારેખની પુણ્યતિથિ નિમિત્તે એમને શબ્દાંજલી અર્પવા ૧૭મી મે, શનિવારે રાત્રે ૮:૦૦ કલાકે 'જળના ભરોસે' નામે કવિ સંમેલનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ગુજરાતી ભાષાના ગણમાન્ય કવિઓ સર્વ હરજીવન દાફડા, ગૌરાંગ ઠાકર, કિરણસિંહ ચૌહાણ, પ્રણવ પંડયા, ભરત ભટ્ટ 'પવન' સ્નેહી પરમાર પોતાના કાવ્યપાઠ દ્વારા કવિ રમેશ પારેખને શબ્દાંજલી આપશે. કવિ રોહિત જીવાણી સ્મરણપુષ્પો દ્વારા કવિ રમેશ પારેખને સ્મરણાંજલી આપશે. સમગ્ર કાર્યક્રમની ઉદ્ઘોષણા અને સંયોજન ડો. કેતન કાનપરિયા સંભાળશે. અમરેલીને ઊજળી કરનારા વિશ્વપ્રસિદ્ધ કવિ રમેશ પારેખને યાદ કરવાના આ ઉપક્રમમાં ઉપસ્થિત રહેવા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને રમેશ પારેખ સાહિત્ય વર્તુળ, અમરેલી દ્વારા અમરેલીના અને ગુજરાતી સાહિત્યના સર્જકો, ભાવકોને હૃદયપૂર્વક જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.



### એટીએમ ધારકોને નાણા ઉપાડવા માટે અન્ય બેન્કમાં જવું પડે છે

## લ્યો બોલો : અમરેલીમાં એકિસસ બેન્ક અને પોસ્ટ ઓફિસનું એટીએમ ઘણા દિવસોથી બંધ પડયુ છે

**બેન્ક અને પોસ્ટ ઓફિસનાં ઉચ્ચ અધિકારીઓ આળશ ખંખેરે**




અમરેલી, તા. ૧૪

સામાન્ય રીતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા નાણાંકીય વહીવટ કરતી બેંકમાં લોકોને પડતી મુશ્કેલીમાં ખાતેદારોના હિતનું રક્ષણ કરવા અને બેંકના ગ્રાહકોને ન્યાય મળે તે માટે થઈ કામગીરી કરે છે. પરંતુ અમરેલીની એકિસસ બેન્ક અને અમરેલીની પોસ્ટ ઓફિસ આ રિઝર્વ બેંક આફ ઈન્ડિયાના નિયમોનો ઉલાળ્યો કરતી હોય છે. એ.ટી.એમ. ઘણાં જ લાંબા સમયથી બંધ હોય જેથી લોકોને આ બેંક તથા પોસ્ટ ઓફિસના ડેબિટ કાર્ડ ધારકોને અન્ય બેંકના એ.ટી.એમ. મશીનનો ઉપયોગ નાણાં ઉપાડવા માટે કરવો પડે છે તેનો ભોગ આમ જનતા બની રહી છે.

આજે આમ જનતાને બેંક સાથે નાણાંકીય વહીવટ ફરજિયાત કરવો પડે છે. આજના ઝડપી યુગમાં લોકો ઓન લાઈનની સુવિધાનો પણ ઉપયોગ કરી રહ્યા છે તેમજ એ.ટી.એમ.માંથી ગમે ત્યારે નાણાં મેળવી શકાય તે માટે એ.ટી.એમ. કાર્ડનો ઉપયોગ કરે છે. ત્યારે એ.ટી.એમ. કાર્ડ ધારક પાસેથી બેન્ક વાર્ષિક ધોરણે ચાર્જ પણ વસુલ કરે છે.

આવા ડેબિટ કાર્ડ ધારકો પોતાની માલિકીના નાણાં બેંકમાંથી એ.ટી.એમ. મારફતે ઉપાડવા માટે થઈ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નિયમો બનાવ્યા છે. જેમાં હોમ બ્રાન્ચમાં દર મહિને આવા ગ્રાહકો અમુક ટ્રાન્જેકશન મફત કરી શકે છે અને જો નિયત કરેલ ટ્રાન્જેકશનથી વધુ ટ્રાન્જેકશન થાય અથવા તો અન્ય બેંકના એ.ટી.એમ.માંથી પણ નિયત કરેલ ટ્રાન્જેકશન વધુ થાય તો પણ ગ્રાહકો પાસેથી વધારાનો ચાર્જ બેંક વસુલ કરે છે.

પરંતુ અમરેલીમાં આવેલ એકિસસ બેંક તથા પોસ્ટ ઓફિસ ખાતે આવેલ પોસ્ટ ઓફિસનું એ.ટી.એમ. ઘણાં જ લાંબા સમયથી બંધ જોવા મળી રહયું છે. જેથી આ બેંક તથા પોસ્ટ ઓફિસના એ.ટી.એમ. ધારકો પોતાના જ નાણાં ઉપાડવા માટે અન્ય બેંકના એ.ટી.એમ.માં જવું પડે છે. આમ ગ્રાહકોને સેવા આપવામાં હોમ બ્રાન્ચ સદંતર નિષ્ફળ ગયેલ છે. આ પોસ્ટ ઓફિસ તથા આ ખાનગી બેંકના ડેબિટ કાર્ડ ધારકો અન્ય બેંકમાં થતાં વધારાના ટ્રાન્જેકશનની ફી વસુલ કરે છે. ત્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ગ્રાહકોના હિતમાં કેમ કોઈ પગલાં ભરતી નથી તેવા સવાલ આમ જનતામાંથી ઉઠવા પામેલ છે.





**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪










ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

**મગડી ગુંદીના લાડુ**

નાયલોન તથા વાટીદાળનાં **ખમણ**

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો

તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

### પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો

# મસૂદ અઝહરને પાકિસ્તાન સરકાર તરફથી ૧૪ કરોડ રૂપિયાનું વળતર મળી શકે છે

**માર્યા ગયેલા લોકોમાં મસૂદ અઝહરની મોટી બહેન અને બનેવી, ભત્રીજો અને ભાભી, એક ભાણી અને ઘણા બાળકોનો સમાવેશ થાય છે**

નવી દિલ્હી,તા.૧૪

ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. આમાં જૈશ-એ-મોહમ્મદનું મુખ્યાલય પણ ખંડેરમાં ફેરવાઈ ગયું. આ હુમલામાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ પણ માર્યા ગયા હતા. તે જ સમયે, પાકિસ્તાનની શાહબાઝ સરકારે ભારતીય હુમલામાં માર્યા ગયેલા દરેક નાગરિકના પરિવારને ૧ કરોડ રૂપિયા (૧૦ મિલિયન પાકિસ્તાની રૂપિયા) વળતર આપવાની જાહેરાત કરી છે. પાકિસ્તાનના વડા પ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલી પ્રેસ રિલીઝમાં આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ હુમલાઓમાં જૈશ-એ-મોહમ્મદ (JeM) ના વડા અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિયુક્ત આતંકવાદી મસૂદ અઝહરના ૧૪ સંબંધીઓ માર્યા ગયા છે. આવી સ્થિતિમાં, એવી શક્યતા છે કે મસૂદ અઝહરને પાકિસ્તાન સરકાર તરફથી ૧૪ કરોડ રૂપિયાનું વળતર મળી શકે છે.

પાકિસ્તાનના ડોન અને એસોસિએટેડ પ્રેસ ઓફ પાકિસ્તાન (એપીપી) ના અહેવાલો અનુસાર, માર્યા ગયેલા લોકોમાં મસૂદ અઝહરની મોટી બહેન અને બનેવી, ભત્રીજો અને ભાભી, એક ભાણી અને ઘણા બાળકોનો સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં, જો મસૂદ અઝહર આ બધાનો કાયદેસર વારસદાર હોય, તો તેને પાકિસ્તાન સરકાર તરફથી મોટી રકમ મળવાની શક્યતા છે.

ભારતે ૬-૭ મેની રાત્રે પાકિસ્તાની પંજાબ પ્રાંતના બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય સહિત અનેક આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા. આમાં, જામિયા મસ્જિદ સુભાન અલ્લાહ, જેને ઉસ્માન-ઓ-અલી કેમ્પસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સંપૂર્ણપણે નાશ પામી હતી. ભારતીય અધિકારીઓનું કહેવું છે કે હુમલાઓ ચોક્કસ હતા અને ફક્ત આતંકવાદી સ્થળોને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાનના વડા પ્રધાન કાર્યાલય તરફથી એક અખબારી યાદી અનુસાર, વડા પ્રધાન શાહબાઝ શરીફે તેને 'મરકા-એ-હક' ઓપરેશનનો એક ભાગ ગણાવ્યો છે અને માર્યા ગયેલા લોકો અને સુરક્ષા દળો માટે એક વ્યાપક વળતર યોજનાની જાહેરાત કરી છે. એસોસિએટેડ પ્રેસ ઓફ પાકિસ્તાન અનુસાર, શાહબાઝ સરકારે વિવિધ શ્રેણીઓમાં વળતર નક્કી કર્યું છે.

-ભારતીય હુમલામાં માર્યા ગયેલા નાગરિકોના પરિવારોને ૧ કરોડ રૂપિયા (૧૦ મિલિયન પાકિસ્તાની રૂપિયા) મળશે.

– ઘાયલ નાગરિકોને ૧૦-૨૦ લાખ રૂપિયા આપવામાં આવશે.

– ભારતીય હુમલામાં શહીદ થયેલા સૈનિકોના પરિવારોને રેન્કના આધારે ૧ કરોડથી ૧.૮ કરોડ રૂપિયા (૧૦-૧૮ મિલિયન પાકિસ્તાની રૂપિયા)નું વળતર આપવામાં આવશે.

– ૧.૯ કરોડથી ૪.૨ કરોડ રૂપિયા સુધીની આવાસ સહાય પણ પૂરી પાડવામાં આવશે.

– મૃતક સૈનિકોના પરિવારોને સેવાનિવૃત્તિની તારીખ સુધી સંપૂર્ણ પગાર અને ભથ્થાં મળતા રહેશે.

– શહીદ થયેલા સૈનિકોના બાળકોને ગ્રેજ્યુએશન સુધી મફત શિક્ષણ મળશે.

– ભારતીય હુમલામાં માર્યા ગયેલા સૈનિકની એક પુત્રીને તેના લગ્ન માટે ૧૦ લાખ રૂપિયા આપવામાં આવશે.

– ઘાયલ સૈનિકોને ૨૦-૫૦ લાખ રૂપિયા મળશે.

– ભારતીય હુમલાઓમાં નુકસાન પામેલા ઘરો અને મસ્જિદો સરકાર દ્વારા ફરીથી બનાવવામાં આવશે.

– પાકિસ્તાન સરકારે ભારતીય હવાઈ હુમલામાં નાશ પામેલા લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલયને ફરીથી બનાવવાનું પણ વચન આપ્યું છે.

પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફે કહ્યું કે 'શહીદોના બાળકોની સંભાળ રાખવી એ સરકારની જવાબદારી છે અને અમે આ જવાબદારી નિભાવીશું.' તેમણે કહ્યું કે ઘાયલોની સારવારનો તમામ ખર્ચ અમારી સરકાર ઉઠાવશે.

પીએમ શાહબાઝ શરીફે એ પણ વચન આપ્યું હતું કે પાકિસ્તાનના સંરક્ષણ અને સન્માનમાં યોગદાન આપનાર કોઈપણ વ્યક્તિને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અને સન્માન આપવામાં આવશે.

# પીએમ નરેન્દ્ર મોદીએ NDAના મુખ્યપ્રધાનોની બેઠક બોલાવી

**ઓપરેશન સિંદૂર અંગે ચર્ચા કરવા વડાપ્રધાને આ બેઠક બોલાવી છે તે ઉપરાંત દેશની વર્તમાન રાજકીય સ્થિતિની પણ તેમાં ચર્ચા થશે**

નવી દિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી ૨૫ તારીખે NDAના મુખ્યપ્રધાનોની બેઠક બોલાવી હોવાનું જાણવા મળે છે. આ બેઠકમાં એનડીએના મુખ્યપ્રધાનો બિહારના નીતિશ કુમાર તથા આંધ્રપ્રદેશના એન. ચંદ્રબાબુ નાયડુ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત મહારાષ્ટ્રના બે નાયબ સીએમ અજીત પવાર તથા એકનાથ શિંદે પણ બેઠકમાં સામેલ થાય તેવી શક્યતા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઓપરેશન સિંદૂર અંગે ચર્ચા કરવા વડાપ્રધાને આ બેઠક બોલાવી છે. તે ઉપરાંત દેશની વર્તમાન રાજકીય સ્થિતિની પણ તેમાં ચર્ચા થશે.જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ગત ૨૨ એપ્રિલના રોજ ઈસ્લામિક આતંકવાદીઓ દ્વારા હિન્દુ પ્રવાસીઓની ધર્મ પૂછીને તથા તેમના પેન્ટ ઉતરાવીને જેહાદી હત્યાકાંડ કર્યો હતો તેની સામે ભારત સરકાર દ્વારા ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું. જોકે આ ઓપરેશન એકાએક સ્થગિત કરી દેવામાં આવતા સરકારના સમર્થકોમાં પણ નારાજગી દેખાઈ રહી છે. આ નારાજગી દૂર કરવા ભાજપ નેતૃત્વ ગંભીર બન્યું છે અને એ સંદર્ભમાં એનડીએના મુખ્યપ્રધાનો સાથે બેઠક યોજીને રણનીતિ ઘડવામાં આવે તેવી શક્યતા છે.એવું માનવામાં આવી રહ્યું છે કે, આ બેઠકમાં પીએમ નરેન્દ્ર મોદી ઉપરાંત સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ તથા ગૃહમંત્રી અમિત શાહ જેવા વરિષ્ઠ નેતાઓ હાજર રહેશે. બેઠકમાં રક્ષામંત્રી તથા ગૃહમંત્રી ઓપરેશન સિંદૂર વિશે એનડીએના મુખ્યપ્રધાનોને માહિતગાર કરશે તેવી પણ સંભાવના છે.

જોકે, સૂત્રો માને છે કે, આ સમગ્ર કવાયતનો હેતુ ઓપરેશન સિંદૂરની સફળતાનો કોઈ રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરવાને બદલે તેનો શ્રેય સૈન્યની ત્રણે પાંખને આપવામાં આવે. પીએમ મોદીએ ગત બે દિવસ દરમિયાન આ ઓપરેશનની સફળતા બદલ દેશના સશસ્ત્ર દળોને અભિનંદન આપ્યા છે અને એનડીએની રાજ્ય સરકારો તેમજ પક્ષના નેતાઓ પણ કોઈ રાજકીય નિવેદનો કરવાને બદલે શ્રેય સશસ્ત્ર દળોને જ આપે તેવી સૂચના આપવામાં આવી રહી છે.

ભાજપ દ્વારા દેશભરમાં તિરંગા યાત્રાઓનું આયોજન થયું છે તેની પાછળ પણ પાકિસ્તાનસ્થિત આતંકવાદીઓની વિરુદ્ધમાં ભારતીય સશસ્ત્ર દળોએ ઓપરેશન સિંદૂર હેઠળ કરેલી સફળ કાર્યવાહીને વધાવવાનું છે.

# કર્નલ સોફિયા પર વિવાદાસ્પદ નિવેદન કરનાર કેબિનેટ મંત્રી ફસાયા

**કોર્ટે તેમના નિવેદન પર તાત્કાલીક ધ્યાન દોરી વિજય શાહ વિરુદ્ધ તાત્કાલીક એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે**

મધ્યપ્રદેશ,તા.૧૪

મધ્યપ્રદેશના કેબિનેટ મંત્રી વિજય શાહે કર્નલ સોફિયા કુરેશી અંગે વિવાદાસ્પદ નિવેદન કરતા હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે તેમના નિવેદન પર તાત્કાલીક ધ્યાન દોરી વિજય શાહ વિરુદ્ધ તાત્કાલીક એફઆઈઆર નોંધવાનો આદેશ આપ્યો છે.

ન્યાયાધીશ અતુલ શ્રીનધરનની અધ્યક્ષતાવાળી ખંડપીઠે રાજ્ય પોલીસ મહાનિર્દેશક (DGP)ને આદેશ આપવાની સાથે સ્પષ્ટ કહ્યું છે કે, વિજય શાહ વિરુદ્ધ તાત્કાલીક એફઆઈઆર નોંધવી જોઈએ. આ ઉપરાંત કોર્ટે રાજ્યના એડવોકેટ જનરલને પણ કોઈપણ સ્થિતિમાં એફઆઈઆર નોંધવાનો નિર્દેશ જારી કર્યો છે. હાઈકોર્ટે આ કેસમાં આગામી સુનાવણી સોમવારે સૌથી પહેલા હાથ ધરવાની પણ વાત કહી છે.કેબિનેટ મંત્રી વિજય શાહે એક સભામાં કર્નલ સોફિયા કુરેશી નું નામ લીધા વગર પાકિસ્તાની આતંકવાદીઓ અંગે કહ્યું હતું કે, 'અમે તેમની બહેન મોકલીને તેઓની ઐસી-તૈસી કરાવી દીધી.' આ નિવેદન બાદ વિજય શાહની મુશ્કેલીઓ વધી ગઈ છે.

વિવાદ વધ્યા બાદ વિજય શાહે માફી માંગતા કહ્યું હતું કે, 'હું સપનામાં પણ કર્નલ સોફિયા બહેન અંગે વિચારી ન શકું. હું સેનાના અપમાનની પણ વાત વિચારી ન શકું. સોફિયા બહેને જાતી અને ધર્મની ઉપર ઉઠીને દેશની સેવા કરી અને આતંકવાદીઓને જવાબ આપ્યો છે. હું તેમને સલામ કરું છું. મારા પારિવારિક પુષ્ટભૂમિ પણ સેના સાથે જોડાયેલી છે. આતંકવાદીઓએ જે બહેનોનું સિંદૂર ઉજાડી દીધું, મેં તે બહેનોની પીડાને ધ્યાને રાખીને આ નિવેદન આપ્યું હતું, જો જોશમાં આવીને મારાથી કંઈ ખોટું બોલાઈ ગયું, તો હું તે માટે માફી માંગું છું.'

### FWICE એ નિર્માતાઓને અપીલ કરી

# શું તુર્કીમાં બોલિવૂડ ફિલ્મોના શૂટિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવશે?

**છેલ્લા કેટલાક વર્ષોમાં 'દિલ ધડકને દો', 'ગુરુ', 'કોડ નેમઃ તિરંગા', 'રેસ ૨' અને 'અજબ પ્રેમ કી ગઝબ કહાની' જેવી ઘણી ભારતીય ફિલ્મોનું શૂટિંગ તુર્કીમાં થયુ**

મુંબઈ,તા.૧૪

ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોયીઝ એ ભારતના રાષ્ટ્રીય હિતોને લગતા મામલાઓમાં પાકિસ્તાનને વધતા સમર્થનને ધ્યાનમાં રાખીને, તમામ ભારતીય ફિલ્મ નિર્માતાઓને શૂટિંગ સ્થળ તરીકે તુર્કી પસંદ કરવા પર પુનર્વિચાર કરવા વિનંતી કરી છે. ભારતીય મીડિયા અને મનોરંજન ઉદ્યોગમાં ૩૬ હસ્તકલાના કામદારો, ટેકનિશિયનો અને કલાકારોનું પ્રતિનિધિત્વ કરતી સર્વોચ્ચ સંસ્થાએ ગુરુવારે ભારતમાં નેટીઝન્સ દ્વારા 'તુર્કીનો બહિષ્કાર' કરવાના આહ્વાન વચ્ચે આ વિનંતી કરી હતી.નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચેના લશ્કરી સંઘર્ષ વચ્ચે અંકારાએ પાકિસ્તાનને જે ટેકો આપ્યો હતો તેના કારણે ભારતમાં 'તુર્કીનો બહિષ્કાર' કરવાનું આહ્વાન આવ્યું. ભારતીય જનતા ગુસ્સે છે કે તુર્કી પાકિસ્તાનને ડ્રોન સહિત શસ્ત્રો પ્રણાલીઓ પૂરી પાડી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં 'દિલ ધડકને દો', 'ગુરુ', 'કોડ નેમઃ તિરંગા', 'રેસ ૨' અને 'અજબ પ્રેમ કી ગઝબ કહાની' જેવી ઘણી ભારતીય ફિલ્મોનું શૂટિંગ તુર્કીમાં થયું છે. વધુમાં, ઘણા ટર્કિશ શો અને કલાકારો ભારતમાં ખૂબ જ મોટા ચાહકો ધરાવે છે. જોકે, પહેલગામ આતંકવાદી હુમલા પછી પણ તુર્કી ખુલ્લેઆમ પાકિસ્તાનનો પક્ષ લે છે, તેથી હવે પરિસ્થિતિ પહેલા જેવી નહીં રહે. FWICE દ્વારા નિર્માતાઓને ફિલ્મ નિર્માણ માટે તુર્કી ન જવાની વિનંતી કરવી એ પણ દેશ માટે એક આંચકો છે.

ખાસ કરીને તુર્કી, જે ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) માં મુખ્ય ભૂમિકા ભજવવાની આશા રાખે છે, તે ભારતને અસર કરતા મુદ્દાઓ પર પાકિસ્તાનને ટેકો આપવા માટે જાણીતું છે. આ ઉપરાંત, ઘણી ઓનલાઈન ટ્રાવેલ એજન્સીઓએ કહ્યું છે કે પાકિસ્તાનને ''સમર્થન'' આપવાને કારણે હવે તુર્કી અને અઝરબૈજાનની નવી ટ્રિપ્સ ઓફર કરશે નહીં. ગ્રાહકોને આ સ્થળોએ 'બિન-આવશ્યક' મુસાફરી ટાળવા વિનંતી કરવામાં આવી છે, અને ભારતીયોને સંવેદનશીલ વિસ્તારોમાં મુસાફરીનું આયોજન કરતી વખતે 'અત્યંત સાવધાની' રાખવા વિનંતી કરવામાં આવી છે.

### મારી લાઇફ બગાડી... મોદીજી છોકરાઓ માટે કાયદો બનાવો

# સુરતમાં યુવકે પત્નીના ત્રાસથી આપઘાત કર્યો

**હાલ પોલીસે આ મામલે આરોપીના દાવા અનુસાર, તેની પૂર્વ પત્નીઅને પ્રેમીની ધરપકડ કરી અન્ય ૧૦ આરોપીઓની શોધખોળ કરી આ મામલે તપાસ હાથ ધરી'**

સુરત,તા.૧૪

ગુજરાતના સુરતમાંથી એક વેપારી યુવકના આપઘાતના સમાચાર સામે આવ્યા છે. જેમાં મૃતકે આપઘાત કરતા પહેલાં વીડિયો બનાવ્યો હતો અને વીડિયોમાં તેણે પૂર્વ પત્ની શીતલ પર આપઘાત માટે દુષ્પ્રેરણાનો આરોપ લગાવ્યો હતો. હાલ પોલીસે આ મામલે આરોપીના દાવા અનુસાર, તેની પૂર્વ પત્ની અને પ્રેમીની ધરપકડ કરી અન્ય ૧૦ આરોપીઓની શોધખોળ કરી આ મામલે તપાસ હાથ ધરી છે.

સુરતના વરાછામાં રહેતા વેપારી જયદીપ સાટોડિયા નામના યુવકે પૂર્વ પત્નીના ત્રાસથી આપઘાત કર્યો હોવાનો આરોપ લગાવી મોતને વ્હાલું કર્યું છે. તેણે શીતલ નામની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં. જોકે, બાદમાં શીતલ અને પરિવારના ઝઘડા વધી રહ્યા હતાં. જેમાં મૃતકના આરોપો અનુસાર, શીતલ ઘરના સભ્યો અને તેને હેરાન કરતી હતી. જેનાથી કંટાળીને જયદીપે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઘટનાની જાણ થતાં તેને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો પરંતુ, હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન જ તેનું મોત નિપજ્યું હતું. જયદીપે આપઘાત કરતા પહેલાં પોતાનો અંતિમ વીડિયો બનાવ્યો હતો જેમાં તેણે પોતાની પૂર્વ પત્ની પર ગંભીર આરોપો લગાવ્યા હતાં. આ સિવાય વડા પ્રધાન મોદીને પણ પુરૂષો માટે કાયદો બનાવવાની અપીલ કરી હતી.મૃતકે પોતાના અંતિમ વીડિયોમાં જયદીપે કહ્યું કે, 'હું બધાથી હારી ગયો છું, એટલે આ પગલું ભરૂ છું. મમ્મી-પપ્પા મને માફ કરજો, હું હારી ગયો છું. મારી લાઈફ બગાડી નાંખી. હવે મારામાં હિંમત નથી. આ લોકો મને મારે છે. મારી વાઈફ પાસેથી મારા પર ખોટા કેસ કરાવ્યા. ઘરે આવીને મારા મમ્મી-પપ્પા, બહેનને ધમકી આપે છે. હવે મારમાં હિંમત નથી રહી, શીતલે મને મરવા સુધી મજબૂર કર્યો છે. શીતલ તે મારી આવું કર્યું? તે બીજાના લીધે મારી લાઈફ ખરાબ કરી દીધી. હવે હું જાઉ છું, આજ સુધી મેં તને આપેલાં બધાં વચન નિભાવ્યા છે. મારી ભૂલ શું હતી કે મેં તારો વિચાર કર્યો? તે મારી જિંદગી ખરાબ કરી નાંખી, તે મારી કદર ન કરી. મને જવાબ દેજે, મેં તારૂ શું બગાડ્યું હતું?'વીડિયોમાં જયદીપે આગળ કહ્યું કે, 'મારી સગાઈ થઈ ગઈ હતી, પરંતુ તું સ્યુસાઈડ કરવા જતી હતી અને તું મારા પગે પડી એટલે મેં તારી સાથે લગ્ન કર્યા હતાં. લગ્ન સાથે જે વચન આપ્યા તે પણ નિભાવ્યા. તારે ઓનલાઈન બિઝનેસ કરવો હતો તો તેમાં પણ મેં મદદ કરી. પણ તે મારી સાથે ગેમ કરી... તે મારી સાથે બહુ ખોટું કર્યું છે. તું મને બોલાવતી તો હું આવતો, મારતી તો માર પણ ખાઈ લેતો. આ બધાં છતાં મેં તને કેટલાં મોકા આપ્યા, પણ જેને સુધરવું જ ન હોય તે ન જ સુધરે. શીતલ અને આ લોકોએ મને બહુ હેરાન કર્યો છે. હું હવે હારી ગયો છું અને એટલે જ આ પગલું ભરૂ છું. મને માફી કરી દેજો બધાં'

જયદીપની મોપેડમાંથી એક સ્યુસાઇડ નોટ મળી આવી હતી. જે અનુસાર, ૨૦૨૩માં ૩૦ ઓક્ટોબરે શીતલ નામની યુવતી સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં. લગ્ન બાદ તે નાની-નાની વાતે પરિવાર સાથે ઝઘડા કરતી.

આ સિવાય જયદીપે અંતિમ વીડિયોમાં વડાપ્રધાન મોદીને પણ અપીલ કરી હતી. તેણે કહ્યું કે, 'મેં આ મામલે પોલીસમાં પણ કેસ કર્યો હતો, પણ તે બધાએ મારા પર દબાણ કરી કેસ પરત ખેંચાવી લીધો હતો. છોકરાઓ માટે કોઈ કાયદો જ નથી. દર વખતે છોકરાઓએ મરીને જ સાબિત કરવું પડે છે કે, તે સાચો હતો. મારે વડાપ્રધાન મોદીને એટલું જ કહેવું છે કે, છોકરાઓ માટે પણ કાયદો બનાવો, જેથી તેમને મરીને સાબિત ન કરવું પડે કે તે સાચો હતો. મેં શીતલને પ્રેમ અને પૈસા બધું આપી દીધું હવે મારી પાસે કશું વધ્યું નથી. શીતલ, તેની મિત્ર પ્રણાલી, ટીના, રુચિત, મોહસિન ઉર્ફે ટાઈગર, રિચા, નીરવ, આયાન, કંચન, હીના, દેવલ અને યુવી આ બધાં મારા મોતનાં જવાબદાર છે.સમગ્ર ઘટનાની જાણ થતાં ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં વીડિયોમાં જયદીપે આરોપ લગાવ્યા તેમ તમામની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમાંથી પોલીસે શીતલ રાઠવા અને તેના પ્રેમી મોહસિન ઉર્ફે ટાઇગરને ઝડપી લઈ આ વિશે વધુ તપાસ હાથ ધરી છે. સાથે કેમ

### ત્રણ કેડરના ન્યાયાધીશોનો સમાવેશ થાય છે

# ગુજરાત હાઈકોર્ટે એક સાથે ૪૬૬ ન્યાયાધીશોની બદલી કરી

**બદલીઓમાં, હાઇકોર્ટે ૯૬ સિવિલ જજોને તે જ કોર્ટ સંકુલની અંદર અન્ય જગ્યાએ ખસેડવામાં આવ્યા છે**

અમદાવાદ,તા.૧૪

ગુજરાત હાઈકોર્ટમાં નવા ન્યાયાધીશોની નિમણૂક બાદ હવે જિલ્લા સ્તરે પોસ્ટ કરાયેલા ન્યાયાધીશોની બદલી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે એકસાથે ૪૬૬ ન્યાયાધીશોની બદલી કરી છે.

આમાંથી ૯૬ ન્યાયાધીશો આ પ્રકારના છે. જેમને હાલના કોર્ટ પરિસરમાં બીજી કોર્ટમાં પોસ્ટ કરવામાં આવ્યા છે.

ગુજરાત હાઈકોર્ટે જિલ્લા ન્યાયાધીશ કેડર,સિનિયર સિવિલ જજ કેડર, સિવિલ કેડર જજના ન્યાયિક અધિકારીઓની બદલી કરી છે. હાલમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ છે.

ગુજરાત હાઈકોર્ટે ઉનાળાના વેકેશનને ધ્યાનમાં રાખીને નીચલી ન્યાયતંત્રમાં બદલીઓ કરી છે. આમાં, હાઈકોર્ટે રાજ્યના ૨૦૩ સિવિલ જજ અને ૨૦૦ સિનિયર સિવિલ જજની આંતર-જિલ્લા બદલી કરી છે. આ ઉપરાંત, અન્ય જિલ્લાઓમાં જિલ્લા ન્યાયાધીશ કેડરના ૬૩ ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી છે. આમ, નીચલી ન્યાયપાલિકામાં કુલ ૪૬૬ ન્યાયાધીશોની બદલી કરવામાં આવી છે.

બદલીઓમાં, હાઈકોર્ટે ૯૬ સિવિલ જજોને તે જ કોર્ટ સંકુલની અંદર અન્ય જગ્યાએ ખસેડવામાં આવ્યા છે. જેમાં અમદાવાદ, મહેસાણા અને ભરૂચના ૭, વડોદરાના ૧૦, સુરતના ૮, આણંદ અને બનાસકાંઠાના ૫-૫, ગાંધીનગર અને કચ્છના ૪-૪, બોટાદ અને સાબરકાંઠાના ૩-૩, ભાવનગર-જામનગરના ૨-૨ અને ખેડા અને જૂનાગઢના ૧-૧નો સમાવેશ થાય છે.હાઈકોર્ટે ૨૦૦ સિનિયર સિવિલ જજોને અન્ય જિલ્લાઓમાં ટ્રાન્સફર કર્યા છે, જ્યારે ૪૬ જજોને તે જ કોર્ટ સંકુલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આમાં અમદાવાદના ૧૫ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, હાઈકોર્ટે જિલ્લા ન્યાયાધીશ કેડરના ૬૩ ન્યાયાધીશોને અન્ય જિલ્લાઓમાં પણ ટ્રાન્સફર કર્યા છે. જ્યારે ૪૮ ન્યાયિક અધિકારીઓને સેશન્સ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આમાં અમદાવાદના ૬ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે.

### શિક્ષિકા,એક વિદ્યાર્થીને ભગાડી જતા પકડાઇ હતી

# ૨૩ વર્ષીય શિક્ષિકાને કોર્ટે આપી ગર્ભપાતની મંજૂરી

**મહિલા શિક્ષિકા ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. અદાલતે ડીએનએ પરીક્ષણ માટે ગર્ભને સાચવી રાખવા તપાસ એજન્સીને સૂચના આપી છે**

સુરત ,તા.૧૪

સુરત શહેરમાં ૨૩ વર્ષીય અપરણિત મહિલા શિક્ષિકા,એક વિદ્યાર્થીને ભગાડી જતા પકડાઈ હતી, તેને ગર્ભપાત માટે કોર્ટે મંજૂરી આપી છે. પોલીસે ધરપકડ કર્યા બાદ મહિલા શિક્ષિકા ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. અદાલતે ડીએનએ પરીક્ષણ માટે ગર્ભને સાચવી રાખવા તપાસ એજન્સીને સૂચના આપી છે.

સુરત શહેરમાં ૨૩ વર્ષીય અપરણિત મહિલા શિક્ષિકા,એક ૧૩ વર્ષના વિદ્યાર્થીને ભગાડી જતા પકડાઈ હતી, તેને ગર્ભપાત માટે કોર્ટે મંજૂરી આપી છે. પોલીસે ધરપકડ કર્યા બાદ મહિલા શિક્ષિકા ગર્ભવતી હોવાનું સામે આવ્યું હતું. અદાલતે ડીએનએ પરીક્ષણ માટે ગર્ભને સાચવી રાખવા તપાસ એજન્સીને સૂચના આપી છે. તેમજ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટને એક સપ્તાહની અંદર ગર્ભપાત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

મહિલા શિક્ષિકા દ્વારા અદાલતમાં ગર્ભપાત માટે અરજી કરવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે શિક્ષિકા વિદ્યાર્થીને ભગાડી ગઈ હતી તે વિદ્યાર્થીનું જ બાળક હતું. વિદ્યાર્થીનીના પરિવારજનો દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાર્યવાહી કરી શિક્ષિકાને ઝડપી હતી. શિક્ષિકાની ધરપકડ બાદ મહિલા શિક્ષિકા ગર્ભવતી હોવાનું સ્પષ્ટ થતાં મામલો વધુ ગંભીર બની ગયો હતો. પોલીસે તેના નિવેદનના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

હવે કોર્ટે શિક્ષિકાની અરજીને માન્ય રાખી ગર્ભપાત કરવાની મંજૂરી આપી છે. આ કેસ હવે ડીએનએ પરીક્ષણ અને વિદ્યાર્થીઓની સંમતિ સાથેના સંબંધો અંગેની કાનૂની કાર્યવાહી તરફ આગળ વધી રહ્યો છે. થોડા દિવસ અગાઉ સુરત શહેરમાં ૨૩ વર્ષની શિક્ષિકા અને ૧૩ વર્ષના વિદ્યાર્થિની સાથે ફરાર થયા હોવાની ઘટના સામે આવી હતી. સમગ્ર મામલે ત્યારે સામે આવ્યો જ્યારે વિદ્યાર્થીના પિતાએ નોંધાવી પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.પુણા પર્વત પાટિયા વિસ્તારની શિક્ષિકા, પોતાની પાસે ૩ વર્ષથી અભ્યાસ કરતા વિદ્યાર્થીને ભગાડી ગઈ હોવાનું સામે આવ્યું હતુ.

આ ઘટનાના CCTVમાં વિદ્યાર્થીને લઈ જતી શિક્ષિકાના દ્રશ્યો સામે આવ્યા હતા. ઘટના બાદ વિદ્યાર્થીના પિતાએ શિક્ષિકા વિરૂદ્ધ અપહરણનો ગુનો નોંધાવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ શિક્ષિકા કિશોરને લઈને ઊંઝા ગઈ હોવાની આશંકા છે.

તો શિક્ષિકાનું છેલ્લું લોકેશન રેલવે સ્ટેશન હોવાનું સામે આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને શામળાજી બોર્ડર પરથી ઝડપી પાડવામાં આવી હતી.

## ગુજરાતમાં પાણીની નહીં પડે તંગી, સરકારની છે તૈયારી

ગાંધીનગર,તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતા હેઠળ મળેલી રાજ્ય પ્રધાન મંડળની બેઠકમાં ગુજરાતમાં પીવાના પાણીની ઉપલબ્ધતા અંગે સમીક્ષા કરવામાં આવી હતી. પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે આ સંદર્ભે પ્રેસ-મીડિયાના મિત્રોને માહિતી આપતા જણાવ્યું હતું કે, ઉનાળાની સિઝન દરમિયાન ગુજરાતનાં નાગરિકોને પીવા માટેનું શુદ્ધ અને પર્યાપ્ત પાણી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

આ સંદર્ભે તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં કુલ ૬૪ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત કરવામાં આવ્યું છે. જ્યારે, હાલની સ્થિતિએ રાજ્યમાં પીવા માટેના ૧૪,૮૯૫ MCFT પાણીની જરૂરીયાત સામે આ જળાશયોમાં કુલ ૨,૨૩,૪૩૬ MCFT પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઉપરાંત હાલની સ્થિતીએ રાજ્યના સરદાર સરોવર ડેમ સહિતના કુલ ૨૦૭ જળાશયોમાં પણ કુલ ૪,૩૯,૧૨૯ MCFT જેટલુ પાણી સંગ્રહિત છે, જે ગત વર્ષની સરખામણીએ લગભગ ૦૬ ટકા જેટલું વધુ છે.

વધુ વિગતો આપતા પ્રવક્તા પ્રધાને કહ્યું હતું કે, હાલમાં રાજ્યના ૧૫,૭૨૦ ગામોને સરફેસ સોર્સ આધારીત જુથ યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીના ૨,૪૩૨ ગામો ભૂગર્ભ જળ આધારીત યોજનાઓથી પીવા માટેનું પાણી મેળવી રહ્યા છે. આ ગામોને પણ જુથ યોજનામાં આવરી લેવા માટેના કામો હાલ પ્રગતિ હેઠળ છે. આમ, રાજ્યના તમામ ૧૮,૧૫૨ ગામોને પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી મળી રહ્યું છે.

પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા મોટા ભાગના ડેમોમાં ૧૫ જુલાઈ, ૨૦૨૫ સુધી પીવાના પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના દરેક જળાશયમાં પીવાના પાણી માટેનો જથ્થો અનામત રાખ્યા બાદ બાકીના પાણીના જથ્થાનો વપરાશ સિંચાઈ માટે કરવામાં આવે છે, તેમ પ્રધાન પટેલે ઉમેર્યું હતું.

# દુષિત પાણી મુદ્દે માટલા ફોડી વેરા અને ચૂંટણી બહિષ્કારની ચીમકી

વડોદરા,તા.૧૪

વડોદરાના ગોરવા વિસ્તારમાં ડેપ્યુટી મેયરના વોર્ડ ૧૧માં દુષિત પાણીની સમસ્યાથી કંટાળી આજરોજ સ્થાનિકોએ ઢોલ નગારા વગાડી કોર્પોરેશન વિરુદ્ધ ભારે સુત્રોચાર સાથે માટલા ફોડી વેરા અને ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી.વડોદરાના ઈલેક્શન વોર્ડ નંબર ૧૧માં આવેલ જય ગણેશ સોસાયટી તેમજ આજુબાજુની સોસાયટીમાં છેલ્લા ૮ મહિનાથી પીવાના પાણીમાં ગટરનું પાણી મિશ્રણ થઈ મળતું હોવાની ફરિયાદો ઉઠી છે. આજે ગોરવાના દશામાં મંદિર ચાર રસ્તા પાસેની જય ગણેશ સોસાયટી ખાતે સ્થાનિકોએ એકત્ર થઈ તંત્ર સામે દુષિત પાણી ભરેલ સેમ્પલો દર્શાવી ઢોલ નગારા વગાડી કોર્પોરેશન વિરુદ્ધ ભારે સુત્રોચાર સાથે વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, વિસ્તારમાં દુષિત પાણી આરોગવાથી રોગચાળનો વાવર છે, લોકોના ઘરોમાં ડ્રેનેજના પાણી બેક મારે છે, કોર્પોરેશનના અધિકારીઓ અને કોર્પોરેટરોને પણ વારંવાર જાણ કરેલ છે તેમ છતાં અમારી સમસ્યાનો કોઈ નિકાલ આવેલ નથી, તંત્ર જાગે તે માટે ઢોલ નગારા વગાડી માટલા ફોડ્યા છે.

# ISIS સાથે સંબંધ રાખનારા આરોપી અમ્મર રહેમાનના જામીન રદ કરવાનો સુપ્રીમ કોર્ટે ઇનકાર કર્યો

**કટ્ટરપંથી બનાવવા અને સંવેદનશીલ મુસ્લિમ યુવાનોની ભરતી કરવા માટે અનેક ISIS પ્રચાર ચેનલો ચલાવી રહ્યો હતા**

નવી દિલ્હી,તા.૧૪

સુપ્રીમ કોર્ટે ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા (ISIS) સાથે સંબંધો હોવાના આરોપી અમ્માર રહીમાનના જામીન રદ કરવાનો ઈનકાર કરી દીધો છે. ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે શોધી કાઢ્યું કે રહીમાનના મોબાઈલ ફોનમાંથી મળેલા પુરાવા તે ISISનો સભ્ય હોવાનું સાબિત કરવા માટે પૂરતા નથી અને તેની વિરુદ્ધના અન્ય પુરાવા પણ તેને દોષિત ઠેરવવા માટે પૂરતા નથી. જોકે, કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે રહીમાન ટ્રાયલ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વિદેશ જઈ શકશે નહીં સિવાય કે તેને કોર્ટની પૂર્વ પરવાનગી મળે.તમને જણાવી દઈએ કે રહેમાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હિંસક જેહાદી વિચારધારા ફેલાવવા, કટ્ટરપંથી બનાવવા અને સંવેદનશીલ મુસ્લિમ યુવાનોની ભરતી કરવા માટે અનેક ISIS પ્રચાર ચેનલો ચલાવી રહ્યો હતો. આરોપો અનુસાર, તેણે અને તેના સાથીઓએ આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે જમ્મુ અને કાશ્મીર અને ISIS-નિયંત્રિત વિસ્તારોમાં મુસાફરી કરવાની યોજના બનાવી હતી.

### IPC હેઠળનો ગુનો સાબિત થાય તો પણ

# એટ્રોસિટીના કાયદાનો ગુનો આપમેળે ગણાય નહીં : હાઇકોર્ટ

**આરોપી ૧૧ વર્ષથી વધુ સમયથી જેલમાં છે અને તેણે માત્ર એટ્રોસિટી હેઠળ તેને ફટકારેલી સજા પડકારી હતી**

અમદાવાદ, તા.૧૪

એટ્રોસિટીના કાયદાની સ્પષ્ટતા કરી આપતો અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ સંદીપ એન. ભટ્ટની ખંડપીઠે રેપ અને પોક્સોના ગુનાના આરોપીને એટ્રોસિટીના કાયદામાં પણ દોષિત ઠરાવી સજા ફટકારતો આદેશ રદબાતલ ઠરાવતાં એવી સ્પષ્ટતા કરી છે કે,'આરોપી વિરૂદ્ધ IPC હેઠળનો ગુનો સાબિત થતો હોય તેવા કિસ્સામાં એટ્રોસિટીના કાયદાનો ગુનો આપમેળે ગણીને તેને સજા કરી શકાય નહીં. એટ્રોસિટીના કાયદામાં થયેલા સંશોધન મુજબ પીડિત વ્યક્તિ SCST વર્ગની હોવાનું આરોપી જાણતો હોય અને એ ચોક્કસ વર્ગનો હોવાથી તેની વિરૂદ્ધ ગુનો આચરાયો હોવાના કિસ્સામાં જ એટ્રોસિટીના કાયદાની જોગવાઈ લાગૂ કરી શકાય. એટલું જ નહીં એટ્રોસિટીના કાયદા હેઠળનો ગુનો બનતો હોવાના પુરાવાનું મૂલ્યાંકન પણ કરવું પડે. જોકે પ્રસ્તુત કેસમાં આરોપીએ સગીરા સાથે રેપ કર્યો હતો અને તેના માટેની સજા એ ભોગવી ચુક્યો છે. તેવા તબક્કે તેને એટ્રોસિટી હેઠળ પણ દોષિત ગણી શકાય નહીં.'હાઈકોર્ટની ખંડપીઠે ઠરાવ્યું છે કે,'આ કેસમાં SC ST (એટ્રોસિટી) એક્ટની કલમ 3(2)(v) હેઠળ આરોપીને સજા કરવામાં આવી હતી. આરોપી તરફથી સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી છે કે રેપ અને પોક્સોના ગુનામાં તેને થયેલી સજાને એ પડકારતો નથી અને એના ગુણદોષમાં પણ જતો નથી. પરંતુ તેની વિરૂદ્ધ એટ્રોસિટીનો ગુનો બનતો નથી અને તેમ છતાંય તેને ટ્રાયલ કોર્ટે દોષિત ઠરાવી સજા કરી હતી. આ કોર્ટ એવું માને છે કે ટ્રાયલ કોર્ટ એટ્રોસિટીની જોગવાઈઓ મુજબના પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ રહી છે. શા માટે આરોપીને એટ્રોસિટીના ગુનામાં સજા કરવામાં આવી, તેની સ્પષ્ટતા પણ ટ્રાયલ કોર્ટે કરી નથી. 19.01.2013ના રોજ આરોપી દ્વારા ગુનો આચરવામાં આવ્યો હતો અને એટ્રોસિટી એક્ટની કલમ 3(2)(v)માં વર્ષ 2016માં સંશોધન કરવામાં આવ્યું હતું. જે સંશોધનમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે પીડિત વ્યક્તિ SC ST વર્ગનો સભ્ય હોય...તેની વિરૂદ્ધ એટ્રોસિટી આચરાઈ હોય... તે વ્યક્તિ SC ST હોવાનું આરોપી જાણતો હોય... તેવા કિસ્સામાં એટ્રોસિટીની જોગવાઈ હેઠળનો ગુનો લાગુ પડે. પરંતુ પ્રસ્તુત કેસમાં એવું ક્યાંય પ્રસ્થાપિત થયું નથી કે આરોપી જાણતો હતો કે પીડિતા SC ST વર્ગમાંથી આવે છે અને એ વર્ગની હોવાના કારણે જ તેણે તેની સાથે રેપ ગુજાર્યો હોય. ફરિયાદી પક્ષે આ તમામ પાસાંઓ પુરાવાના આધારે સાબિત કરવા પડે.' આ મામલે ભરૂચના પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. આરોપી સ્કૂલ વાન ચાલક હતો અને પીડિતા વિદ્યાર્થીની હતી. જેનો લાભ લઈને તેને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જેનો ગુનો સાબિત થતા આરોપીને ટ્રાયલ કોર્ટે ૧૦ વર્ષની સજા કરી હતી. આરોપી ૧૧ વર્ષથી વધુ સમયથી જેલમાં છે અને તેણે માત્ર એટ્રોસિટી હેઠળ તેને ફટકારેલી સજા પડકારી હતી. જેને હાઈકોર્ટે રદ કરી છે.

### બેઠકમાં આરોગ્યવિષયક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો

# ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજનાને કેબિનેટે આપી મંજૂરી

**રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે**

ગાંધીનગર,તા.૧૪

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આરોગ્યવિષયક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો હતો.

જેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. જેના અંતર્ગત કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ આપવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ અમલી PMJAY-મા યોજના અંતર્ગત મળતા લાભની જેમ જ આ યોજના હેઠળ તમામ કર્મયોગીઓને સમાવી લઈ લાભ આપવામા આવશે.

રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓ અને પેન્શનર્સને G સીરીઝનું AB-PMJAY-MAA કાર્ડ આપવામાં આવશે. કાર્ડ અંગેની કાર્યવાહી PMJAY નોડલ એજન્સી SHA (STATE HEALTH AGENCY) કરશે.

જેના અંતર્ગત સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ અને PMJAY એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે નિયત કરેલ પ્રોસીજરની સારવાર માટે પરિવાર દીઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે. યોજના હેઠળ બહારનાં દર્દી તરીકે (OPD) સારવારનો સમાવેશ થશે નહી. હાલ આપવામાં આવતું માસીક મેડીકલ એલાઉન્સ (૧૦૦૦/- રૂ.) યથાવત મળવાપાત્ર રહેશે.રૂ.૧૦ લાખ ઉપરાંતના ખર્ચ માટે અને સારવારની પ્રોસીજર AB-PMJAY-MAA માં ઉપલબ્ધ ન હોય તેમજ હોસ્પિટલ PMJAY માં એમ્પેનલ ન હોય તેવા સંજોગોમાં ગુજરાત રાજય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પધ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.અત્રે નોંધનીય છે કે, હાલ PMJAY-મા યોજના હેઠળ રાજ્યમાં કુલ ૨,૬૫૮ હોસ્પિટલો (ખાનગીઃ ૯૦૪, સરકારીઃ૧૭૫૪) સંકળાયેલ છે.જેમાં ૨,૪૭૧ નિયત કરેલ પ્રોસીજરની સારવાર આવરી લેવામાં આવી છે.

રાજ્યમાં ફરજ બજાવતાં ALL INDIA SERVICES (AIS)ના અધિકારીઓ તથા પેન્શનરો, રાજય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનરો અને તેમનાં આશ્રિત કુટુંબીજનોને તેમજ જે કર્મચારીઓને ગુજરાત રાજય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પધ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે તે તમામને આ યોજનાનો લાભ મળશે.

રાજય સરકારના આ નિર્ણયથી અંદાજે ૪.૨૦ લાખ અધિકારી-કર્મચારીઓ અને અંદાજે ૨.૨૦ લાખ પેન્શનર્સ મળી કુલ ૬.૪૦ લાખ કર્મયોગીઓને આરોગ્ય સેવા-સુવિધાઓનો લાભ આ યોજના હેઠળ મળશે. ફીકસ-પે કર્મચારીઓને હાલ કર્મયોગી કાર્ડ અંતર્ગત લાભ મળી રહ્યો છે. ૭૦+ પેન્શનર્સને હાલ તાજેતરમાં શરૂ કરાયેલ વયવંદના યોજનામાં લાભ મળતો હોવાથી આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે નહીં. આ યોજના અંતર્ગત રૂ. ૩૦૩.૩ કરોડ પ્રીમીયમનું ભારણ રાજ્ય સરકાર પર આવશે. આ કાર્ડ હેઠળ સારવાર માટે રાજ્ય સરકાર ૩૭૦૮/- રૂ. વાર્ષિક પ્રતિ કુટુંબ દીઠ પ્રિમિયમ ચૂકવશે.

### ઇ-પાસપોર્ટ એક ઇલેક્ટ્રોનિક દસ્તાવેજ છે

# ભારતમાં ચિપ આધારિત ઈ-પાસપોર્ટ થયો લોન્ચ

**આ ચિપ પાસપોર્ટ ધારકનું નામ, જન્મ તારીખ, પાસપોર્ટ નંબર, ચહેરો અને ફિંગરપ્રિન્ટ જેવી બાયોમેટ્રિક અને વ્યક્તિગત માહિતી સંગ્રહિત કરે છે**

નવીદિલ્હી,તા.૧૪

કેન્દ્ર સરકારે એક હાઈ-ટેક પહેલ હેઠળ દેશભરમાં ચિપ-આધારિત ઈ-પાસપોર્ટ સેવા શરૂ કરી છે. દેશમાં આ નવી સુવિધા શરૂ થવાથી વિદેશ પ્રવાસ કરતા ભારતીય નાગરિકોને ઘણા ફાયદા થશે, સાથે જ ઈમિગ્રેશન પ્રક્રિયા, સુરક્ષા અને સંપર્ક ટ્રેસિંગને પણ સરળ બનાવશે. દેશમાં આ નવી પહેલ શરૂ થવાથી, ભારત યુએસ, યુકે, ફ્રાન્સ, જાપાન અને કેનેડા જેવા ૧૨૦ દેશોમાં જોડાયું છે, જે પહેલાથી જ ઇ-પાસપોર્ટનો ઉપયોગ કરી રહ્યા છે.

ઇ-પાસપોર્ટ એક ઇલેક્ટ્રોનિક દસ્તાવેજ છે. તેની પાછળ એક RFID ચિપ અને એન્ટેના છે. આ ચિપ પાસપોર્ટ ધારકનું નામ, જન્મ તારીખ, પાસપોર્ટ નંબર, ચહેરો અને ફિંગરપ્રિન્ટ જેવી બાયોમેટ્રિક અને વ્યક્તિગત માહિતી સંગ્રહિત કરે છે. આ ડેટા આંતરરાષ્ટ્રીય સુરક્ષા નિયમો BAC, PA અને EAC મુજબ એક્રિપ્ટેડ છે.

ઈ-પાસપોર્ટ સેવાનો પાયલોટ પ્રોજેક્ટ પ્રથમ તબક્કામાં નાગપુર, ભુવનેશ્વર, જમ્મુ, ગોવા, શિમલા, જયપુર, ચેન્નાઈ, હૈદરાબાદ, ગુજરાતના સુરત, રાયપુર, અમૃતસર, રાંચી, દિલ્હી જેવા શહેરોમાં લાગુ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે જૂન ૨૦૨૫ સુધીમાં સમગ્ર દેશમાં તેનો અમલ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

ઈ-પાસપોર્ટ ઈમિગ્રેશન પ્રક્રિયાને સરળ અને આધુનિક બનાવશે. મુસાફરો હવે ઓટોમેટેડ અને કોન્ટેક્ટલેસ પ્રક્રિયાઓ દ્વારા ઈ-ગેટ દ્વારા પ્રવેશ કરી શકશે. આ નવી સુવિધા રાહ જોવા સહિતની ઘણી મુશ્કેલીઓ દૂર કરશે અને મુસાફરો સરળતાથી અને આરામથી મુસાફરી કરી શકશે.

ઈ-પાસપોર્ટ મેળવવા માંગતા નાગરિકો પાસપોર્ટ સેવા પોર્ટલ પર અરજી કરી શકે છે. તેમણે નજીકના પાસપોર્ટ સેવા કેન્દ્ર અથવા પોસ્ટ ઓફિસ પાસપોર્ટ કેન્દ્રની મુલાકાત લેવી પડશે અને બાયોમેટ્રિક માહિતી આપવી પડશે. નજીકના ભવિષ્યમાં ઈ-પાસપોર્ટમાં ડિજિટલ વિઝા, મોબાઈલ પાસપોર્ટ વોલેટ, આધાર અને ડિજીલોકર ઈન્ટીગ્રેશન જેવી સુવિધાઓ ઉમેરી શકાય છે. આ સુવિધા પ્રવાસીઓની મુસાફરીને સંપૂર્ણપણે ડિજિટલ અને પેપરલેસ બનાવશે.

### શું રોહિત શર્મા રાજકારણમાં પ્રવેશ કરશે?

# રોહિત શર્મા નિવૃત્તિ લીધા બાદ સીએમ દેવેન્દ્ર ફડણવીસને મળવા પહોંચ્યા

**ફડણવીસે રોહિત સાથેની મુલાકાતની તસવીરો પણ સોશિયલ મીડિયા પર શેર કરી છે જોકે, આ બેઠક પછી અનેક પ્રકારની ચર્ચાઓ પણ શરૂ થઈ**

નવી દિલ્હી,તા.૧૪

ભારતીય ક્રિકેટ ટીમના હિટમેન એટલે કે રોહિત શર્માએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને તેમના સત્તાવાર નિવાસસ્થાન વર્ષા બંગલામાં મળ્યા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ રોહિત શર્માને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા બદલ વ્યક્તિગત રીતે અભિનંદન પાઠવ્યા. તેમણે હિટમેનની ૧૨ વર્ષથી વધુની શાનદાર ટેસ્ટ કારકિર્દીની પણ પ્રશંસા કરી. ફડણવીસે રોહિત સાથેની મુલાકાતની તસવીરો પણ સોશિયલ મીડિયા પર શેર કરી છે. જોકે, આ બેઠક પછી અનેક પ્રકારની ચર્ચાઓ પણ શરૂ થઈ. રોહિત શર્માના રાજકારણમાં પ્રવેશ અંગે પણ ચર્ચા થઈ રહી છે.

આ પોસ્ટ પર ઘણા યુઝર્સે અલગ અલગ પ્રતિક્રિયાઓ આપી. એક યુઝરે લખ્યું કે તેઓ મહારાષ્ટ્રના આગામી મુખ્યમંત્રી હશે. તે જ સમયે, એક યુઝરે લખ્યું – એવું લાગે છે કે તે રાજકારણમાં જોડાવા જઈ રહ્યો છે. એક યુઝરે એમ પણ લખ્યું કે રોહિત ભાવિ વડાપ્રધાન છે.મહારાષ્ટ્રના સીએમ ફડણવીસે લખ્યું- મારા સત્તાવાર નિવાસસ્થાન વર્ષા ખાતે ભારતીય ક્રિકેટર રોહિત શર્માનું સ્વાગત કરવું, તેમને મળવાનું અને તેમની સાથે વાત કરવાનું ખૂબ જ સારું લાગ્યું. હું તેમને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ માટે શુભકામનાઓ પાઠવું છું અને તેમની સફરના આગામી પ્રકરણમાં સતત સફળતા મેળવે તેવી શુભેચ્છા પાઠવું છું.

તમને જણાવી દઈએ કે ૭ મેના રોજ, ૩૮ વર્ષીય રોહિતે રનિવૃત્તિની જાહેરાત કરી હતી. ગયા વર્ષે T20I માંથી નિવૃત્તિ લીધા પછી, રોહિત ભારત માટે ફક્ત ODI માં સક્રિય ક્રિકેટર રહેશે. રોહિતે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું – બધાને નમસ્તે, હું ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું, સફેદ બોલ અને જર્સીમાં મારા દેશનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે સન્માનની વાત છે.

વર્ષોથી મળેલા પ્રેમ અને સમર્થન બદલ આભાર. હું ODI ફોર્મેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતો રહીશ.

### માતા વૈષ્ણો દેવીના શ્રદ્ધાળુઓને મોટી રાહત

# માતા વૈષ્ણો દેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવા ફરીથી શરૂ કરાઇ

**હેલિકોપ્ટર સેવા શરૂ કરવા માટે એક દિવસ પહેલા જ જમ્મુ અને શ્રીનગર સહિત ૩૨ એરપોર્ટ પર ફ્લાઈટ્સ શરૂ કરી દેવાઈ હતી**

જમ્મુ ,તા.૧૪

જમ્મુ કાશ્મીરના માતા વૈષ્ણો દેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવા બુધવારે ફરીથી શરૂ કરી દેવાઈ છે. જેને લઈને શ્રદ્ધાળુઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવને પગલે હેલિકોપ્ટર સેવા અંદાજિત એક અઠવાડિયા સુધી બંધ રહી હતી. અધિકારીઓએ આ માહિતી આપી. હેલિકોપ્ટર સેવા શરૂ કરવા માટે એક દિવસ પહેલા જ જમ્મુ અને શ્રીનગર સહિત ૩૨ એરપોર્ટ પર ફ્લાઈટ્સ શરૂ કરી દેવાઈ હતી.

બંને પાડોશી દેશો વચ્ચે સૈન્ય કાર્યવાહી રોકવા પર સહમતિ બન્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. મંદિર વ્યવસ્થાપન બોર્ડના એક અધિકારીએ જણાવ્યું કે, 'માતા વૈષ્ણો દેવી મંદિરમાં હેલિકોપ્ટર સેવા છેલ્લા સાત દિવસો સુધી બંધ હતી, જેને આજે સવારે શરૂ કરી દેવાઈ. આ મહિનાની શરૂઆતથી તીર્થયાત્રીઓની સંખ્યામાં ઝડપથી ઘટાડો આવ્યો હતો, પરંતુ હવે આ વધી રહી છે.'

અધિકારીઓએ જણાવ્યું કે, તીર્થયાત્રીઓ માટે બેટરી કાર સેવા પણ ચાલું છે. આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધી ૩૦ લાખથી વધુ તીર્થયાત્રીઓએ મંદિરમાં દર્શન કર્યા છે, જ્યારે ગત વર્ષ આ સંખ્યા ૯૪.૮૪ લાખ હતી. આશા વ્યક્ત કરી કે આ સંખ્યા આવનારા દિવસોમાં અનેક ગણી વધી જશે.

### જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી

# શ્રીનગરમાં ૧૧ સ્થળોએ દરોડા, ૧૫૦ લોકોને નિશાન બનાવ્યા

**હવે જમ્મુ-કાશ્મીરમાં પોલીસે પણ પહેલગામ આતંકવાદી હુમલા બાદ આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહી શરૂ કરી છે**

જમ્મુ કશ્મીર,તા.૧૪

ભારતીય દળોએ પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. પાકિસ્તાન અને તેના આતંકવાદી સંગઠનો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દરમિયાન, હવે જમ્મુ-કાશ્મીરમાં પોલીસે પણ પહેલગામ આતંકવાદી હુમલા બાદ આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહી શરૂ કરી છે.

જમ્મુ અને કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં પોલીસે ૧૧ સ્થળોએ દરોડા પાડ્યા છે. ચાલો જાણીએ કે આ પોલીસ ઓપરેશનનો હેતુ શું છે.

પહેલગામ હુમલા બાદ જમ્મુ-કાશ્મીરમાં પોલીસે આતંકવાદીઓ સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા પછી, ૧૫૦ આતંકવાદીઓ અથવા તેમના સહયોગીઓના ઘરોમાં દરોડા પાડવામાં આવ્યા છે. આતંકવાદી પ્રવૃત્તિઓને ટેકો આપતા માળખાને નાબૂદ કરવાના ઉદ્દેશ્યથી આ પોલીસ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત ઘણી જગ્યાએ દરોડાની કાર્યવાહી વધુ તીવ્ર બનાવવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીર પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી હેઠળ, પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના આતંકવાદી સહયોગીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. UAPA કાયદા હેઠળ નોંધાયેલા કેસમાં પોલીસ દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. આ ક્રમમાં મંગળવારે ૧૧ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

જમ્મુ-કાશ્મીરના શોપિયામાં સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે. આ ત્રણેય આતંકવાદીઓ લશ્કર-તૈયબાના હતા. ભારતીય સેનાએ કહ્યું છે કે ઓપરેશન કેલર હેઠળ થયેલા એક્રાઉન્ટરમાં આતંકવાદી સંગઠનના ત્રણ સભ્યો માર્યા ગયા છે. રાષ્ટ્રીય રાઈફલ્સ યુનિટને શોપિયાંના શોકલ કેલરના સામાન્ય વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની માહિતી મળી હતી.

આ પછી, એક્રાઉન્ટરમાં ત્રણ હાર્ડકોર આતંકવાદીઓ માર્યા ગયા. હાલમાં ઓપરેશન ચાલી રહ્યું છે.

### બિન-લશ્કરી વિસ્તારોમાં ઘણા વણવિસ્ફોટાયેલા શેલ મળી આવ્યા

# જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં સુરક્ષા દળોએ જીવંત બોમ્બનો નાશ કર્યો

**આ ગોળા પાકિસ્તાનના એ દાવાને ખોટો સાબિત કરે છે કે કોઈ રહેણાંક વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો ન હતો**

જમ્મુ,તા.૧૪

જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં સુરક્ષા દળોએ એક જીવંત શેલનો નાશ કર્યો. માહિતી અનુસાર, આ જીવંત શેલ થોડા દિવસો પહેલા રાજૌરી જિલ્લાના નૌશેરામાં મળી આવ્યો હતો.

જ્યારે તેનો નાશ કરવામાં આવ્યો, ત્યારે એક જોરદાર વિસ્ફોટ થયો અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા.

અહેવાલ મુજબ, જમ્મુ ક્ષેત્રના રાજૌરી જિલ્લાના બિન-લશ્કરી વિસ્તારોમાં ઘણા વણવિસ્ફોટાયેલા શેલ મળી આવ્યા છે. આ બોમ્બ પાકિસ્તાનના એ દાવાને ખોટો સાબિત કરે છે કે કોઈ રહેણાંક વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો ન હતો. ભારત દ્વારા 'ઓપરેશન સિંદૂર' પછી તરત જ પાકિસ્તાન તરફથી ગોળીબારની ઘટના બની હતી. ભારતે ૨૨ એપ્રિલે પહેલગામ હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર માં નવ આતંકવાદી છાવણીઓ પર હુમલો કર્યો હતો.

આ પહેલા પહેલગામ હુમલામાં ૨૬ લોકોના મોત થયા હતા. પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર ભારતીય સેનાના હુમલા બાદ નાગરિક વિસ્તારોમાં ભારે બોમ્બમારો થયો હતો.

ગોળીબાર પછીની કાર્યવાહીમાં સામેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે જમીન પર ઉપલબ્ધ પુરાવા એ દાવાની વિરુદ્ધ છે કે પાકિસ્તાન દ્વારા ફક્ત લશ્કરી સ્થાપનો પર જ હુમલો કરવામાં આવ્યો હતો. ''જેમ તમે મીડિયામાં જોયું હશે, પાકિસ્તાન વારંવાર દાવો કરે છે કે તેણે ફક્ત લશ્કરી સ્થાપનોને જ નિશાન બનાવ્યા છે,'' આ વિસ્તારને ડિ-વિસ્ફોટ કરવાના ઓપરેશનનું નેતૃત્વ કરી રહેલા એક લશ્કરી અધિકારીએ જણાવ્યું.

આ સાથે, તેમણે કહ્યું, ''જોકે, તમે અહીં સ્પષ્ટ જોઈ શકો છો કે અમને જે શેલ મળી રહ્યા છે તે ગામડાઓની વચ્ચે પડ્યા છે, જ્યારે આસપાસનો આખો વિસ્તાર રહેણાંક છે.''

### રાષ્ટ્રપતિ મુર્મુએ આપી મંજૂરી

# ભૂતપૂર્વ સંરક્ષણ સચિવ અજય કુમાર બન્યા નવા UPSC અધ્યક્ષ

**પ્રીતિ સુદાનનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ ૨૯ એપ્રિલથી UPSC ચેરમેન પદ ખાલી પડ્યું હતું**

નવી દિલ્હી,તા.૧૪

ભૂતપૂર્વ સંરક્ષણ સચિવ અજય કુમારને મંગળવારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. કેન્દ્રીય કર્મચારી મંત્રાલયના એક આદેશમાં આ માહિતી આપવામાં આવી હતી. પ્રીતિ સુદાનનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ ૨૯ એપ્રિલથી UPSC ચેરમેન પદ ખાલી પડ્યું હતું.

આદેશ અનુસાર, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અજય કુમારની UPSC અધ્યક્ષ તરીકે નિમણૂકને મંજૂરી આપી છે. અજયકુમારના સર્વિસ રેકોર્ડ મુજબ કેરળ કેડરના ૧૯૮૫ બેચના નિવૃત્ત ભારતીય વહીવટી સેવા અધિકારીએ ૨૩ ઓગસ્ટ, ૨૦૧૯ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ સુધી સંરક્ષણ સચિવ તરીકે સેવા આપી હતી.

અજય કુમારે મિનેસોટા યુનિવર્સિટીમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં Phd અને એપ્લાઈડ ઈકોનોમિક્સમાં MS કર્યું છે, જે તેમણે માત્ર ત્રણ વર્ષમાં પૂર્ણ કર્યું છે. વધુમાં, તેઓ IIT કાનપુરમાંથી B.Tech સ્નાતક છે અને ઈન્ડિયન નેશનલ એકેડમી ઓફ એન્જિનિયર્સના ફેલો છે.

અજય કુમાર ભારતના સૌથી વરિષ્ઠ અમલદારોમાંના એક છે, જેઓ સંરક્ષણ સચિવ તરીકે નિવૃત્ત થયા હતા. તેમણે સંરક્ષણ વિભાગમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની રચના, અગ્નિવીર યોજના, આત્મનિર્ભર ભારત પહેલ અને ઓર્ડનન્સ ફેક્ટરીઓનું કોર્પોરેટાઈઝેશન જેવા પરિવર્તનકારી સંરક્ષણ સુધારાનું નેતૃત્વ કર્યું. ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રાલયમાં એક ઉચ્ચ અધિકારી તરીકે અજય કુમારે પીએમ મોદીના નેતૃત્વમાં UPI, આધાર, માયગોવ અને સરકારી ઈ-માર્કેટપ્લેસ જેવા ડિજિટલ ઈન્ડિયા પ્રોજેક્ટ્સને અમલમાં મૂકવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ભારતના ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ ઉત્પાદન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે અજય કુમારે રાષ્ટ્રીય ઈલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૧૨ પણ ઘડી હતી. અજય કુમારે ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોની સરકાર સાથે કામ કર્યું, સાથે જ ભારત સરકાર અને કેરળ સરકાર બંનેમાં મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા છે. જેમાં કેલ્ટ્રોનના મુખ્ય સચિવ અને સ્ઢ તરીકેનો સમાવેશ થાય છે, જેને તેમણે પુનર્જીવિત કરવામાં મદદ કરી હતી.

IAS, IFS અને IPS માટે અધિકારીઓની પસંદગી માટે UPSC સિવિલ સર્વિસ પરીક્ષાનું આયોજન કરે છે, તેનું નેતૃત્વ એક અધ્યક્ષ દ્વારા કરવામાં આવે છે. આમાં વધુમાં વધુ ૧૦ સભ્યો હોઈ શકે છે. હાલમાં, કમિશનમાં બે સભ્યોની જગ્યા ખાલી છે. UPSC ચેરમેનની નિમણૂક છ વર્ષ માટે અથવા તેઓ ૬૫ વર્ષની ઉંમર પૂર્ણ કરે ત્યાં સુધી કરવામાં આવે છે.

### આરોપીએ ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો

# પાકિસ્તાને અત્યાર સુધી મોદીનું ઘર કેમ ના ઉડાવ્યું? : નવાઝે

**પોલીસે તાત્કાલિક કેસ નોંધ્યો અને ટેકનિકલ દેખરેખ પછી, બેંગલુરુના બાંદેપાલ્યા વિસ્તારમાં એક પીજીમાંથી આરોપીની ધરપકડ કરી**

બેંગ્લુરુ,તા.૧૪

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે બેંગલુરુ પોલીસે નવાઝ નામના યુવકની ધરપકડ કરી છે, જેણે સોશિયલ મીડિયા પર ભડકાઉ વીડિયો પોસ્ટ કર્યો હતો. આરોપીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તેણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઘર પર બોમ્બ ફેંકવાની વાત કરી હતી. વીડિયો વાયરલ થયા બાદ મામલો વધુ ગરમાયો. પોલીસે જણાવ્યું હતું કે વીડિયોમાં નવાઝ પૂછતા જોવા મળ્યા હતા કે ''પાકિસ્તાને હજુ સુધી વડા પ્રધાનના ઘર પર બોમ્બ કેમ નથી ફેંક્યા?'' આ વીડિયોને ભડકાઉ અને રાષ્ટ્રવિરોધી ગણાવતા, પોલીસે તાત્કાલિક કેસ નોંધ્યો અને ટેકનિકલ દેખરેખ પછી, બેંગલુરુના બાંદેપાલ્યા વિસ્તારમાં એક પીજીમાંથી આરોપીની ધરપકડ કરી.ઉલ્લેખનીય છે કે નવાઝ મૂળ ઈલેક્ટ્રોનિક સિટીનો રહેવાસી છે અને વ્યવસાયે કમ્પ્યુટર મિકેનિક છે. ધરપકડ બાદ, તેમને પરપ્પાના અગ્રહારા સેન્ટ્રલ જેલમાં ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું કે નવાઝ સામે ટુમકુર જિલ્લામાં NDPS (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ) એક્ટ હેઠળ પહેલાથી જ કેસ ચાલી રહ્યો છે. પોલીસ હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેણે આવો વીડિયો કેમ પોસ્ટ કર્યો અને શું તેની પાછળ કોઈ ઊંડું કાવતરું છે.

સંયુક્ત પોલીસ કમિશનર રમેશ બાનોટે જણાવ્યું હતું કે, ''તેણે વડા પ્રધાન વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી, જેમાં કહ્યું હતું કે કંઈ કરવામાં આવ્યું નથી અને તેમના ઘર પર બોમ્બ ફેંકી દેવા જોઈએ. તેની ધરપકડ કરીને તેણે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.''

આ મામલો એવા સમયે પ્રકાશમાં આવ્યો છે જ્યારે થોડા અઠવાડિયા પહેલા જ કર્ણાટકના મેંગલુરુમાં 'નિચ્ચુ મેંગલુરુ' નામના ફેસબુક યુઝર વિરુદ્ધ ક્ષ્રૈંઈ નોંધવામાં આવી હતી. તેમના પર ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને યોગ્ય ઠેરવવાનો આરોપ હતો. ઉલ્લાલના રહેવાસીની ફરિયાદના આધારે ૨૫ એપ્રિલે દક્ષિણ કન્નડ જિલ્લા પોલીસે આ કેસ નોંધ્યો હતો. આરોપી પર ઈલેક્ટ્રોનિક માધ્યમથી રમખાણો ભડકાવવા અને અશાંતિ ફેલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

### વક્ફ કેસ સૌથી મોટો પડકાર

# રામકૃષ્ણ ગવઈએ સુપ્રીમ કોર્ટના ૫૨મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા

**જસ્ટિસ બીઆર ગવઈ બૌદ્ધ ધર્મમાં માનનારા પહેલા મુખ્ય ન્યાયાધીશ અને અનુસૂચિત જાતિના બીજા મુખ્ય ન્યાયાધીશ છે**

નવી દિલ્હી,તા.૧૪

જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ સુપ્રીમ કોર્ટના ૫૨મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ લીધા છે. તેઓ ૨૩ નવેમ્બર સુધી CJI રહેશે. તેમના કાર્યકાળ દરમિયાન, CJI ગવઈ વક્ફ કેસ સહિત ઘણા મહત્ત્વપૂર્ણ કેસોની સુનાવણી કરશે. તે જ સમયે, જસ્ટિસ બીઆર ગવઈ બૌદ્ધ ધર્મમાં માનનારા પહેલા મુખ્ય ન્યાયાધીશ અને અનુસૂચિત જાતિના બીજા મુખ્ય ન્યાયાધીશ છે.

મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ ગવઈની નિમણૂક ઐતિહાસિક અને પ્રતીકાત્મક બંને છે. તે ન્યાયતંત્ર દ્વારા પોષાયેલા સમાવેશીતા અને બંધારણીય નૈતિકતાના મૂલ્યોનું પ્રતીક છે. જસ્ટિસ ગવઈ ૨૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ નિવૃત્તિની તારીખ સુધી છ મહિનાથી વધુ સમય માટે મુખ્ય ન્યાયાધીશ પદ સંભાળશે. તેમના નેતૃત્વ હેઠળ, ન્યાયતંત્ર પાસેથી માત્ર તેના નિર્ણયો લેવાની અપેક્ષા રાખવામાં આવશે નહીં, પરંતુ તેઓ જે વારસો બનાવશે તેની પણ આતુરતાથી રાહ જોવામાં આવશે.અત્યાર સુધી, સુપ્રીમ કોર્ટમાં તેમના છ વર્ષના કાર્યકાળમાં, જસ્ટિસ ગવઈ ઘણી મહત્ત્વપૂર્ણ બેન્ચનો ભાગ રહ્યા છે, તે બેન્ચોએ મહત્વપૂર્ણ ચુકાદા આપ્યા છે. તેમાં બુલડોઝર કાર્યવાહીની નિંદા કરતા આદેશો અને આવી વૃત્તિઓને નિયંત્રિત કરવા માટે કડક માર્ગદર્શિકા મૂકવાનો સમાવેશ થાય છે. અત્યાર સુધી, સુપ્રીમ કોર્ટમાં તેમના છ વર્ષના કાર્યકાળમાં, જસ્ટિસ ગવઈ ઘણી મહત્ત્વપૂર્ણ બેન્ચનો ભાગ રહ્યા છે, તે બેન્ચોએ મહત્વપૂર્ણ ચુકાદા આપ્યા છે. તેમાં બુલડોઝર કાર્યવાહીની નિંદા કરતા આદેશો અને આવી વૃત્તિઓને નિયંત્રિત કરવા માટે કડક માર્ગદર્શિકા મૂકવાનો સમાવેશ થાય છે.

જસ્ટિસ ગવઈ એ બંધારણીય બેન્ચનો પણ ભાગ હતા જેમણે જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ રદ કરવાના કેન્દ્રના નિર્ણયને સમર્થન આપ્યું હતું, ચૂંટણી બોન્ડ યોજનાને ગેરબંધારણીય જાહેર કરી હતી અને ૨૦૧૬ના નોટબંધીને બંધારણીય ઠેરવી હતી.

# અમરેલી : એસપીનાં અધ્યક્ષસ્થાને હોમગાર્ડનો કાર્યક્રમ યોજાયો




તા. ૧૧/૫/૨૫ના રોજ જિલ્લા કમાન્ડન્ટ રોહિત મહેતાના માર્ગદર્શનહેઠળઅમરેલીજિલ્લાપોલીસ અધિક્ષકસંજયખરાતનાઅધ્યક્ષસ્થાને તેમજ આઈબી શાખા (અમરેલી ભાવનગર બોટાદ)ના ડીવાયએસપી મનીષભાઈ ઠાકરની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા પોલીસ તાલીમ ભવન ખાતેજિલ્લાહોમગાર્ડદળનોકાર્યક્રમભવ્ય રીતે સંપન્ન થયો. આ સાથે જિલ્લા કમાન્ડન્ટ રોહીત મહેતાએ અધ્યક્ષને પુષ્પગુચ્છથી સન્માન કરેલ તેમજ ઉપસ્થિત તમામનું સ્વાગત પ્રવિણભાઈ સાવજ કું હંસા મકાણી કરેલ જિલ્લા હોમગાર્ડ દળના જવાનોને બઢતી આપવાના આ કાર્યક્રમમાં મેર અતુલ (સાવરકુંડલા), બ્લોચ મોહમ્મદ (સાવરકુંડલા), પંડયા કેતન (સાવરકુંડલા), ગોહિલ અજયસિંહ (રાજુલા), ગાહાજાવેદ (ડુંગર), સાપરિયા શરદ (લીલીયા), સિંગલહસમુખ (લાઠી), કાટીયા હસમુખ (લાઠી), દેવરા ચંદ્રકાંત (ખાંભા), મોરવાડીયા ભાવેશ (ધારી), પરમાર દીપકકુમાર (બગસરા), ગોસ્વામીઅમીતગીરી (જિલ્લાયુનીટ), વ્યાસ રાજેશ (ચલાલા) વગેરેનાઓને પ્લાટુન કમાન્ડરની રેન્ક અર્પણ કરવામાં આવેલ. આ સાથે હોમગાર્ડ કલ્યાનિધિ વેલફેર ફંડમાંથી જવાનોની દીકરીના લગ્ન પ્રસંગ રૂા. ૨૦,૦૦૦ સહાય ચેકનું વિતરણઅધ્યક્ષસંજયખરાત,મનીષભાઈ ઠાકર, રોહિતમહેતાવગેરેનાહસ્તેઅર્પણ કરાયા. કાર્યક્રમમાં જિલ્લાના તમામ હોમગાર્ડયુનિટઅધિકારીતમામજવાનોને આપદાતાલીમસલામતીડિઝાસ્ટરઅંગેનું સચોટમાર્ગદર્શનએસપીદ્વારાઆપેલ.દળ માંઉપસ્થિતમનીષભાઈઠાકરએજિલ્લા હોમગાર્ડજવાનોનેસાંપ્રતસ્થિતિથીવાકેફ કરેલ. સમગ્ર કાર્યક્રમની બેઠક વ્યવસ્થા, કાર્ય સુચી અભિષેક માટે પ્રવીણ સાવજ, શરદ સાપરિયા, અરવિંદભાઈ બારીયા તથા અમરેલી શહેર યુનિટના વિમલ મારવાડી સાથે તમામ જવાનોએ કાર્યક્રમનેભવ્યબનાવેલઆકાર્યક્રમનું સફળ સંચાલન કેવલભાઈ મહેતાએ કરેલઆભારહંસામકાણીએકરેલહતી તેમ ભાવિક વેકરિયા કચેરીની યાદીમાં જણાવ્યુંછે.

પાના ૮ ઉપરનું ચાલું
## બગસરા પાલિકામાં ભ્રષ્ટાચાર

તમામ રોડ ઉપર ફરી કાંકરીઓ ઉખડવા લાગી છે. તો પાલિકા અને કોન્ટ્રાકટર તેમજ એન્જિનિયરની મીલી ભગત હોય એવું લાગી રહ્યું છે. જિલ્લાના ઉપરી અધિકારી આવા તમામ રસ્તાઓનું ચેકિંગ કરે તો ઘણો બધો ભ્રષ્ટાચાર સામે આવે એમ છે. તો લોકોમાં માંગ ઉઠી છે કે આ રસ્તાઓને ફરી બનાવવામાં આવે નહિ કે થીગડાં મારવામાં આવે અને જો આવા ભંગાર હાલતમાં બનાવેલા રસ્તાને ફરી નવો બનાવવામાં નહીં આવે તો સત્તાધીશો વિરૂદ્ધ આંદોલન કરી નગરપાલિકાને ઘેરાવ કરવાની લોકો દ્વારા ચીમકી આપવામાં આવી છે.

જયારે આ બાબતે એન્જીનીયર પ્રિયંકભાઈ નારીયાને પૂછતાં તેમણે જણાવ્યું કે ઘણી વખત રેતી અથવા કાંકરી ઉપરથી નબળી આવી ગઈ હોઈ અથવા વધુ પ્રમાણમાં પાણી છટાઈ ગયું હોય એવા કિસ્સાઓમાં ઉપરની લેરનું સિમેન્ટ ઉખડી જવાના અનેક કિસ્સાઓ બનતા હોય છે. તો આ તમામ રોડનું જે જગ્યાએ કાંકરીઓ નીકળી છે ત્યાં મેન્ટેનન્સ કરવાની કામગીરી ચાલુ કરવામાં આવશે. જયારે આમાં કોઈ ભ્રષ્ટાચાર નથી પણ લોકો દ્વારા રોડ ઉપર ચાલવાનું ચાલુ કરી દિધેલ હતું જેના કારણે આ રોડ ખરાબ થઈ ગયેલ છે. રોડ બનતો હોય ત્યારે સતત સુપરવાઈઝર નગરપાલિકા દ્વારા ફરજિયાત રાખવાનો હોય છે ત્યારે આ બનાવેલ તમામ રોડમાં સુપરવાઈઝર ફરકીયા પણ નથી.

જયારે આ બાબતે વિરોધ પક્ષના નેતા જમાલ સરવૈયાને પૂછતા તેમણે જણાવ્યું કે જયારે માલ નબળો આવતો હતો ત્યારે એન્જિનિયર કેમ મૌન હતા અને જયારે પાણી વધુ પ્રમાણમાં કે ઓછું પીવડાવવામાં આવ્યું ત્યારે તપાસ કરવા કેમ ના આવ્યા તેના આપેલા જવાબ તદ્દન પાયા વિહોણા છે, તેઓ પોતાનો બચાવ કરવા આવા લુલા જવાબ આપે છે. અધિકારી, સત્તાધિશો તેમજ એન્જીનીયર અને કોન્ટ્રાકટરની મિલીભગતથી આ રોડની દુરદર્શા થઈ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાનાં હિંડોરણા નજીક

અધિકારીઓ ગંભીર અકસ્માત થતાં ઘટના સ્થળે તાત્કાલિક પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અકસ્માત માં મારૂતિ સ્વિફટ કારનો બુકડો બોલી ગયો હોય જેનાથી અકસ્માતની ગંભીરતા સ્પષ્ટ થાય છે. આ દુર્ઘટનાએ સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. હાઈવે પર વાહન ચાલકો માટે સુરક્ષાના પગલાં વધારવાની માંગ અહીં થયેલા અકસ્માતના સ્થળેથી રાહદારીઓ, વાહન ચાલકો દ્વારા ઉઠી રહી છે. આ અકસ્માતને લઈને વધુ તપાસ ચાલી રહી છે. પોલીસ દ્વારા તમામ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ટુ વ્હીલર ચાલકોને ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારની તરૂણીને

ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી તથા ભોગ બનનાર તરૂણીને શોધી કાઢી પરપ્રાંતિય આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી. આ અંગેનો કેસ સાવરકુંડલા સ્પે પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલને માન્ય રાખી અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨ લાખના દંડની સજા તથા ભોગ બનનારને રૂપિયા ૬ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો.

આ બનાવમાં સાવરકુંડલા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતી અને ત્રણ ધોરણ સુધી અભ્યાસ કરેલ એક ૧૬ વર્ષિય તરૂણીને ગત તા. ૨૪–૧–૨૪ ના રોજ સાંજે એક મુળ મધ્યપ્રદેશનો વતની અને ડ્રાઈવર તરીકે કામ કરતો આરોપી પ્રભુભાઈ મનુભાઈ બેડોલ નામનો પરપ્રાંતિય શખ્સ આ તરૂણીને લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ ગયા બાદ આ તરૂણી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધેલ હોય આ અંગે જે તે સમયે સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી તથા ભોગ બનનાર તરૂણીને શોધી કાઢી પરપ્રાંતિય આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ અંગેનો કેસ સાવરકુંડલા સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ વિકાસભાઈ વડેરાની ધારદાર દલીલને માન્ય રાખી સ્પે.કોર્ટના ન્યાયાધીશ સચિનકુમાર શેઠીએ આરોપી પ્રભુભાઈ મનુભાઈ બેડોલ નામના પરપ્રાંતિય શખ્સ આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ (જે.એન.) ૩૭૩ (૩) તથા પોકસો એક્ટ કલમ ૪, ૬, ૮, ૧૨,તથા ૧૮માં કસુરવાર ઠરાવી ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨ લાખના દંડની સજા તથા ભોગ બનનારને રૂપિયા ૬ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો.


## શ્રી કુંકાવાવ નાગરિક શરાફી સહકારી મંડળી લી.

SHRI KUNKAVAV NAGARIK SHARAPHI SAHAKARI MANDALI LTD.
"SADAR PATEL SAHAKAR BHAVAN" MOTI KUKAVAV, TA. KUKAVAV, DIS. AMRELI
(રજી.નો.નં.સે.શં. ૨૯૮૦૨, તા.૧/૧૦/૯૭)

:: વાર્ષિક સાધારણ સભા ::

આથી આપણી મંડળીના દરેક સભાસદોને જણાવવામાં આવે છે કે આપણી મંડળીની ૨૮ મી વાર્ષિક સાધારણ સભા તા.૨૫/૫/૨૦૨૫ને રવિવારના રોજ શ્રી વાવડીરોડ પટેલ સમાજની વાડીમાં મુ. વાવડીરોડ ખાતે બપોરનાં ૫ઃ૩૦ કલાકે મળશે. તો દરેક સભાદરશ્રીઓએ હાજરી આપવા વિનંતી

:: કાર્યસુચી ::

૧. સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.
૨. ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લેવા બાબત.
૩. વાર્ષિક હિસાબો–તારીજ નફા નુકશાન ખાતુ તથા સરવૈયુ વંચાણે લઈ નફાની ફાળવણી કરવા બાબત.
૪. બહારથી કર્જ કરવાની હદ નકકી કરવા બાબત.
૫. સભાસદોને આપવાની લોનનાં નિયમો નકકી કરવા બાબત.
૬. ઓડીટ મેમો વંચાણે લઈ મંજુર કરવા બાબત.
૭. પેટા નિયમ કલમ ૧૫(૬) કલમમાં સુધારો કરવા બાબત.
૮. વર્ષ ૨૦૨૫/૨૬નું અંદાજ પત્ર રજુ કરવા બાબત.
૯. વ્ય. કમીટીનાં ભાડા ભથ્થા નકકી કરવા બાબાત.
૧૦. વર્ષ દરમ્યાન વ્ય.કમીટીએ કરેલ કામગીરીને મંજુર કરવા બાબત.
૧૧. શ્રી કુંકાવાવ તા.સ.ખ.વે.સંઘ લી.ની બિલ્ડીંગમાં આપણી સંસ્થાની ઓફિસ માટે જગ્યા રાખવાની હોય તે માટેની ખર્ચ કરવાની મર્યાદા નકિક કરવા બાબત.
૧૨.પ્રમુખ સ્થાનેથી મંડળીના હિતમાં અન્ય કાંઈ રજુ થાય તે.

મેનેજર
(મનીષ બી. ભેંસાણીયા)
શ્રી કુંકાવાવ ના.શ.સ.મં.લી.



શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી.

## સંકુલ ઈંગ્લીશ મિડીયમ – ઓછી ફી – સારૂ શિક્ષણ

| | | | |
|---|---|---|---|
| નર્સરી & KG ઈ.મી. | ૬૨૦૦ | ધો. ૧ થી ૫ – ICSE બોર્ડ | ૯૬૦૦ |
| ધો. ૧ થી ૫ – GSEB બોર્ડ | ૮૦૦૦ | ધો. ૬ થી ૮ – ICSE બોર્ડ | ૧૧૬૦૦ |
| ધો. ૬ થી ૮ – GSEB બોર્ડ | ૯૮૦૦ | ધો. ૯ – ૧૦ ICSE બોર્ડ | ૧૩૮૦૦ |
| ધો. ૯ – ૧૦ GSEB બોર્ડ | ૧૧૬૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૬ થી ૮ | ૨૫૮૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૧૪૬૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૯ થી ૧૨ | ૨૬૬૦૦ |
| ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૨૭૨૦૦ | હોસ્ટેલ લવાજમ FY થી PG | ૨૮૨૦૦ |


## શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા

મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, મુ.સાવરકુંડલા

### :: ટેન્ડર નોટિસ ::

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટયાર્ડ) સાવરકુંડલા, તરફથી**

(૧) ઓકશન શેડ માટે છાપરાનું મજુરી કામ
(૨) ઓકશન શેડ માટે પ્લેટફોર્મ માટે RCC બીમ કોલમ તથા પી.સી.સી.નું કામ
ઉપરોકત કામ માટેના સક્ષમ તથા અનુભવી કોન્ટ્રાકટર પાસેથી લેબર (મજુરી) કામના ટેન્ડરો મંગાવવામાં આવે છે.

– કામના અર્નેસ્ટમની ની ડીપોઝીટ પેટે FDR (શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સાવરકુંડલાની) સામેલ કરવાની રહેશે.
– લેબરકામનાં કોરા ટેન્ડરો શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સાવરકુંડલાની ઓફીસેથી રજાના દિવસો સિવાય તા.૧૫–૫–૨૦૨૫ થી તા.૨૬–૫–૨૦૨૫ સુધીમાં સવારના ૧૦:૦૦ કલાકથી સાંજનાં ૫:૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફી (નોનરીફંડેબલ) ચુકવી મેળવી લેવાના રહેશે.
– ભરેલ ટેન્ડરો તા. ૬–૬–૨૦૨૫ સુધીમાં બપોરનાં ૪:૦૦ કલાક સુધીમાં ઉપરનાં સરનામે R.P.A.D / સ્પીડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. રૂબરૂ કે કુરીયરથી મોકલેલ ટેન્ડરો માન્ય રહેશે નહી.
– સદર કામના જરૂરી પુરાવા જેવા કે, ડીપોઝીટની FDR, રજીસ્ટ્રેશનની નકલ જો હોય તો, બેંક સોલવંસીનું તાજુ સર્ટી., GST નંબર હોય તો તેની નકલ, પાનકાર્ડની નકલ તથા અનુભવનાં સર્ટીફીકેટ વગેરેની નકલો ખાસ જોડવાની રહેશે.
**નોંધ :–** ટેન્ડર કે ટેન્ડરનો કોઈપણ ભાગ વગર કારણ આપ્યે મંજુર કે નામંજુર કરવો તેનો હક્ક શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલાને અબાધીત રહેશે.

| કામનું નામ | બાંધકામનું અંદાજીત ક્ષેત્રફળ | કામની અંદાજીત રકમ (રૂા.) | ઈ.એમ.ડી. (રૂા.) | ટેન્ડર ફી (રૂા.) | કામનું સ્થળ |
|---|---|---|---|---|---|
| (૧) ઓકશન શેડ માટે છાપરાનું મજુરી કામ | ૧૦૩૫૦.૦૦ ચો.ફુટ | ૪૨૫૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ખે.ઉ.બ.સ. સાવરકુંડલા |
| (૨) ઓકશન શેડ માટે બીમ–કોમલ અને પી.સી.સી.નું મજુરી કામ | આઈટેમ ભાવથી | ૪૦૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ખે.ઉ.બ.સ. સાવરકુંડલા |

દિપકભાઈ કે.માલાણી, ચેરમેનશ્રી — મહેશભાઈ એમ. લખાણી, વાઈસ ચેરમેનશ્રી — જે.વી. માલાણી, સેક્રેટરીશ્રી

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૬૨ | ૧૦૪૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૭૫ | ૧૦૭૫ |
| ૩ | શિંગ મોટી | ૭૦૨ | ૧૦૬૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૨૦ | ૨૧૮૦ |
| ૬ | તલ કાળા | ૨૭૦૦ | ૪૦૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૮૪૦ | ૨૦૬૭ |
| ૮ | બાજરો | ૩૩૨ | ૫૩૮ |
| ૯ | જુવાર | ૫૯૦ | ૬૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૪૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૦૦ | ૫૨૯ |
| ૧૨ | મકાઈ | ૪૦૧ | ૪૯૧ |
| ૧૩ | અડદ | ૯૪૦ | ૧૨૮૦ |
| ૧૪ | ચણા | ૭૭૦ | ૧૦૮૬ |
| ૧૫ | ચણા દેશી | ૯૦૦ | ૧૧૫૯ |
| ૧૬ | ચણા સફેદ | ૧૦૩૦ | ૧૧૫૪ |
| ૧૭ | છોલે ચણા | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ૧૮ | ચોળી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૧૯ | તુવેર | ૬૦૦ | ૧૩૯૯ |
| ૨૦ | કપાસ | ૯૦૦ | ૧૫૮૫ |
| ૨૧ | એરંડા | ૧૧૪૦ | ૧૧૭૧ |
| ૨૨ | જીરૂ | ૨૪૦૦ | ૪૦૦૦ |
| ૨૩ | ધાણા | ૧૧૮૪ | ૧૩૪૦ |
| ૨૪ | ધાણી | ૧૦૦૦ | ૧૭૪૫ |
| ૨૫ | મેથી | ૫૫૦ | ૯૨૫ |
| ૨૬ | સોયાબીન | ૪૮૫ | ૮૧૭ |
| ૨૭ | કાંગ | ૪૨૫ | ૫૩૬ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૧ | ૧૫૨૫ |
| ૨ | ચણા | ૧૦૪૧ | ૧૦૬૫ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૮૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૩૦ |
| ૩ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૫૨૫ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૨૫૨ |
| ૬ | કપાસ | ૧૩૬૦ | ૧૫૨૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૭૦૦ |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૬૦૦ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૭૫૧ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૩ | દેશી ચણા | ૧૧૬૦ | ૧૨૦૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૨૯૭ |
| ૧૫ | એરંડી | ૧૦૫૦ | ૧૦૮૦ |
| ૧૬ | મેથી | ૯૦૦ | ૧૦૧૦ |
| ૧૭ | ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૭૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૫૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૨૦ | ૧૪૧૦ |
| ૩ | મગફળી | ૯૮૫ | ૧૦૧૫ |
| ૪ | જીરૂ | ૩૭૬૦ | ૪૧૩૦ |
| ૫ | ઘઉં | ૪૬૦ | ૫૪૦ |
| ૬ | તલ સફેદ | ૧૭૯૦ | ૨૦૪૦ |
| ૭ | ચણા | ૧૦૬૮ | ૧૦૯૨ |
| ૮ | એરંડા | ૧૦૪૫ | ૧૧૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૨ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૨૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૯૫ |
| ૪ | ચણા | ૧૦૦૫ | ૧૦૬૦ |
| ૫ | એરંડી | ૫૦૦ | ૧૧૦૦ |
| ૬ | ધાણા | ૯૦૦ | ૧૧૭૦ |
| ૭ | ચણા સફેદ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૮ | શીંગદાણા | ૯૩૦ | ૧૧૦૦ |
| ૯ | મગફળી | ૯૨૫ | ૯૨૫ |
| ૧૦ | તુવેર | ૮૪૫ | ૧૩૦૨ |
| ૧૧ | સોયાબીન | ૭૦૫ | ૮૧૦ |
| ૧૨ | જુવાર | ૬૪૦ | ૬૪૦ |
| ૧૩ | તલ સફેદ | ૧૧૭૦ | ૧૬૫૦ |
| ૧૪ | મકાઈ | ૫૩૦ | ૫૩૦ |
| ૧૫ | મેથી | ૮૦૦ | ૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૯૮૬ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૧ | ૧૮૫૧ |
| ૩ | તલ કાળા | ૩૩૫૦ | ૩૩૫૦ |
| ૪ | તલ પીળા | ૨૦૨૮ | ૨૦૨૮ |
| ૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૨૦ |
| ૬ | બાજરો | ૪૧૧ | ૫૧૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૮૪ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૯૧૧ |
| ૯ | મકાઈ | ૭૪૧ | ૭૪૧ |
| ૧૦ | તુવેર | ૧૧૮૧ | ૧૨૭૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | ધાણા | ૮૦૦ | ૮૦૦ |
| ૧૩ | મેથી | ૮૧૨ | ૯૦૧ |
| ૧૪ | રાય | ૯૧૦ | ૯૯૦ |
| ૧૫ | અજમા | ૧૯૨૫ | ૧૯૨૫ |

# સાવરકુંડલા : ભેકરા-ભોકરવા માર્ગનાં રી-સર્ફેસિંગ કામનો પ્રારંભ કરાવતા સાંસદ સુતરીયા





સાવરકુંડલા તાલુકામાં વિકાસકાર્યો પ્રગતિમાં છે. જેમાં આજરોજ સાવરકુંડલા તાલુકાના ભેકરા ગામે ભેકરા નાની વડાળથી ભોકરવા સુધીના રોડના રી–સર્ફેસિંગ (ડામરકરણ) કામનું ભૂમિપૂજન ભરતભાઈ સુતરીયાના વરદ હસ્તે શુભ મંગળમય રીતે સંપન્ન થયું. આ મહત્વપૂર્ણ વિકાસ યોજના રૂા.૧૮૪ લાખના ખર્ચે અમલમાં મુકવામાં આવી રહી છે. આ કામ પૂર્ણ થયા બાદ વિસ્તારના ગ્રામજનોને જરૂરી મુસાફરી માટે વધુ આરામદાયક અને સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ થશે. આ રી–સર્ફેસિંગથી ખેડુતો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને સરળ વ્યવહાર અને પરિવહન મળશે. સાંસદે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે ''આ રોડના રી–સર્ફેસિંગથી ગ્રામજનોને અવરજવરમાં ખુબજ સહુલિયત મળશે અને ગ્રામ્ય વિકાસના નવા ધ્વારા ખુલશે સરકાર ગામડા ના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે અને આ કામ તેનો જીવતો દાખલો છે.'' તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડિયા એ વિકાસ કાર્ય માટે સૌનો આભાર વ્યકત કર્યો હતો. તથા ભવિષ્યમાં આવા વધુ વિકાસ પ્રોજેકટો માટે પણ સતત પ્રયાસો રહેશે એવી ખાતરી આપી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડિયા, તાલુકા ભાજપના પ્રમુખ રજની એમ. ડોબરીયા, મહામંત્રી પ્રકાશ એચ. પાનસુરીયા અને મુકેશ આદ્રોજા, જિલ્લા પંચાયતના સિંચાઈ સમિતિના ચેરમેન પ્રતિનિધિ લાલભાઈ મોર, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા તેમજ જયસુખભાઈ સાવલિયા, તાલુકા પંચાયતના સદસ્ય પ્રતિનિધિ મુકેશભાઈ મહિડા, ભોકરવા સરપંચ વાસુરભાઈ મોરી, નાની વડાળ ઉપ સરપંચ કિશોરભાઈ તૈરૈયા, તેમજ ભેકરા ગામ પૂર્ણ સરપંચ માધવભાઈ બલદાણિયા મોટા ભમોદ્રા ગામ સરપંચ પ્રતિનિધિ ભાવેશભાઈ ખૂટ, લીખાળા ગામના ભાજપ અગ્રણી નિલેસભાઈ કચ્છી, તાલુકા ભાજપના હોદેદારોઓ તાલુકા પંચાયત સદસ્યઓ અને અનેક ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ મોરચાના સભ્યો તમામ બુથ પ્રમુખો તથા મોટી સંખ્યામાં વધુ ગ્રામજનોનું ઉત્સાહપૂર્ણ હાજરી રહી હતી. ગ્રામજનો ધ્વારા પણ આ વિકાસકાર્યનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. અને આવનાર સમયમાં વધ સુધારાઓ અને સુવિધાઓ મળે તેવી આશા વ્યકત કરી હતી.

### વિવેકાનંદ વિદ્યાલય અને બ્રહ્મ સમાજનું ગૌરવ વધ્યુ

## બાબરાની ધાર્મી ત્રિવેદી અને ભાર્ગવી પંડયાએ ધો. ૧૦માં સફળતા મેળવી

### ૯૫ થી લઈને ૯૭.૪૦ પી.આર. મેળવી ડંકો વગાડયો

બાબરા, તા. ૧૪

બાબરામાં રહેતા વિપુલભાઈ ત્રિવેદીની પુત્રી ધાર્મી તેમજ પ્રકાશભાઈ પંડયાની પુત્રી ભાર્ગવી આ બને બ્રહ્મસમાજની બાળાઓ અહીં વિવેકાનંદ વિદ્યાલયમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરી માર્ચ ૨૦૨૫ની ધોરણ ૧૦ની પરીક્ષા આપી ઉજજવળ પરિણામ મેળવી સમાજ તેમજ શાળાનું ગૌરવ વધાર્યું છે.

ત્રિવેદી ધાર્મી વિપુલભાઈએ ધોરણ ૧૦માં ૯૫ પીઆર તેમજ પંડયા ભાર્ગવી પ્રકાશભાઈએ




૯૭.૪૦ પી આર મેળવતા સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણીઓ અને શાળા પરિવારના ટ્રસ્ટીઓ તેમજ શિક્ષકો દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

### દેશની સેનાને સમર્થન આપવાના હેતુથી

## અમરેલી ખાતે આમ આદમી પાર્ટી દ્વારા તિરંગા યાત્રાનું થયુ આયોજન

### પાકિસ્તાનને તાબડતોડ જવાબ આપવા બદલ ખુશી વ્યકત કરાઈ

અમરેલી, તા. ૧૪

આમ આદમી પાર્ટી અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ એક મહત્વપૂર્ણ જાણકારી આપતા જણાવ્યું હતું કે, ભારતીય સેના તથા સૈનિકોને વંદન અને નમન. શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરવામાં આવેલી કાર્યવાહી અને સાહસને આમ આદમી પાર્ટીના એક એક કાર્યકર્તા વંદન કરે છે નમન કરે છે. આપણી મહાન ભારતીય સેનાના અદભુત સાહસને વંદન કરવા માટે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના દરેક જિલ્લામાં 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું. તારીખ ૧૧મે રવિવારના રોજ આમ આદમી




પાર્ટીએ તમામ જિલ્લા મથકોથી તિરંગા યાત્રાનું આયોજન કર્યુ.

દરેક જિલ્લા મથક પર નેતાઓ, પદાધિકારીઓ, કાર્યકર્તાઓ સહિત સ્થાનિક લોકો પણ ઉપસ્થિત રહ્યાં. તમામ કાર્યકર્તાઓ અને લોકો હાથમાં તિરંગા લઈને 'તિરંગા યાત્રા' શરૂ કરી અને પદયાત્રા કરી. આજે ફરી એકવાર સમગ્ર આમ આદમી પાર્ટી ભારતીય સૈનિકોને લાખ લાખ વંદન, સલામ, નમન કરે છે કારણે કે આજે દેશના જવાનો સીમા પર અડીખમ ઊભા છે ત્યારે દરેક ભારતીય પોતાના ઘરમાં સુરક્ષિત મહેસૂસ કરી રહ્યા છે, માટે સેના અને જવાનોને લાખ લાખ વંદન અને નમન છે.

## ૧૫ મે, ''વિશ્વ પરિવાર દિવસ'' સમગ્ર વિશ્વ એક કુટુંબ છે વસુધૈવ કુટુમ્બકમ



અમરેલી, તા.૧૪

પરિવાર, જયાં મનને હલકું કરવા, મનને આરામ આપવા રવિને વાટ ન પડે ને એ છે પરિવાર. આ જ વાતને સાર્થક કરવા અને મહત્વ સમજાવવા દર વર્ષે ''વિશ્વ પરિવાર દિવસ'' મનાવવામાં આવે છે.

પરિવારએ સૃષ્ટિનો પાયો છે. પરિવાર વગર માણસની કલ્પના પણ અધુરી છે. ખરેખર તો માણસ આખી જિંદગી મહેનત કરીને રહેવા માટે જે ઘર બનાવે છે. જયાં સંસાર વસાવે છે. એમાં રહેવાનો કે ઘરનાં લોકોને સમય આપવાની રેખાંકિત કરવા માટે આ દિવસ મનાવવામાં આવે છે. સમાજની પરિકલ્પના પરિવાર વગર અધુરી છે અને પરિવાર બનાવવા માટે લોકોએ હળીમળીને રહેવું ખુબ જરૂરી છે. વિશાળ અર્થમાં કહીએ તો સમગ્ર વિશ્વ પણ એ પરિવાર છે. પૃથ્વી આપણા સૌની માતા છે અને આપણે તેનાં સંતાનો ' 'વસુધૈવ કુટુંબકમ''ની ભાવના વિકસાવવી ખુબ જરૂરી છે. મતભેદોને મનભેદોમાં ન પરિણમીને શાંતિ અને એકતા જાળવીને રહેવું ખુબ જરૂરી છે. કારણ કે આખરે તો સૌનો નાશ નિશ્વિત જ છે તો પછી દેશ દેશ વચ્ચેની લડાઈઓથી આપણે શું પામી રહ્યા છીએ? કોઈનાં પર વેર રાખીને દુશ્મનાવટ કરીને અંશે કોઈ સુખી રહી શકે છે? આમાં અંતે તો માનવતાની હત્યા સિવાય કંઈ જ જડતું નથી. જો આપણે જૂના યુગોની કે ધાર્મિક માન્યતાઓને આધારે પણ વાત કરીએ તો આજની જેમ પહેલા પણ પરિવારમાં વિખવાદ થતો હતો. રામાયણ અને મહાભારત બંનેમાં તેનાં ઉદાહરણો જોવા મળે છે. પરંતુ આધુનિક સમાજમાં પરિવારમાં વિખવાદને કારણે પરિવારનું તૂટવું સામાન્ય બની ગયું છે. તો બે દેશોની તો વાત જ શું કરવી શાંતિ અને સમજદારીથી રહેવાથી માણસ તણાવમુકત રહી શકે છે. અને એ ધ્વારા સુંદર સૃષ્ટિનું નિર્માણ કરી શકે છે. એવા સમયમાં મોઈ એકલાપણું કે ડિપ્રેશનનો શિકાર પણ થતા નથી. જેથી સામાજિક સમસ્યાઓ પણ સર્જાતી નથી. આથી જ 'સમગ્ર વિશ્વ એક કુટુંબ છે' એ ભાવનાને હંમેશા જીવંત રાખવી જોઈએ.

–મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯)

## અમરેલીની વિદ્યાગુરૂ શાળાનું ધો. ૧૨માં ઉજજવળ પરિણામ

અમરેલી, તા. ૧૪

અમરેલી ખાતે આવેલ વિદ્યાગુરૂ શાળામાં અભ્યાસ કરતા ૨૦૨૫ની પરીક્ષામાં ધો. ૧૨ સાયન્સની જાહેર પરીક્ષામાં કુ. પંડયા સોનલ કેમેસ્ટ્રી વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરેલ છે. કુ. ચૌહાણ રિધ્ધિએ સંસ્કૃત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરેલ છે. જિલ્લામાં પ્રથમ ક્રમે છે. તે બદલ સંસ્થાના નિયામક મેહુલભાઈ, અંકુરભાઈ અને જતિનભાઈએ ખુબ અભિનંદન પાઠવેલ છે. અને શાળાનું ગૌરવ વધારેલ છે.

### સરપંચ પર દબાણ વધી ગયાની ચર્ચા

## મોટા મુંજીયાસર ગ્રામ પંચાયતને તાળા મારવાની જાહેરાતનું થયુ સુરસુરિયુ

### ફરિયાદી જ આરોપી બને તેવી ઘટનાની ચર્ચા

બગસરા, તા. ૧૪

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે પૂર્વ સરપંચ દ્વારા યોગ્ય રીતે ડેડ સ્ટોક નવા સભ્યોને સોપવામાં આવેલ ન હોવાની ઉચ્ચ અધિકારીને રજુઆત છતાં કોઈ નિર્ણય ન થતા આખરે ગ્રામ પંચાયતને તાળા મારવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ કોઈ તરફથી સહકાર ન મળતા આખરે વાતનું સુરસુરિયું થઈ ગયું હતું.

મળેલી વિગતો મુજબ મોટા મુંજીયાસર ગ્રામ પંચાયત રમેશભાઈ સતાસિયા અને હાલના સરપંચ જયસુખભાઈ ખેતાણી વચ્ચે ડેડ સ્ટોક બાબતે ચાલી રહેલી વહીવટી લડાઈમાં તાલુકા જિલ્લાની કચેરીઓ દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં ન આવતા આખરે સરપંચ જયસુખભાઈ ખેતાણીએ જિલ્લા વિકાસ




અધિકારીને પત્ર ૧૪મેના રોજ ગ્રામ પંચાયતને તાળું મારી દેવાની જાહેરાત કરી હતી. આ બાબતે તેમણે ઉપલી કચેરીઓને પત્ર લખી ગ્રામ પંચાયતને તાળું મારવાની જાહેરાત પણ કરી દીધી હતી. પરંતુ આ દરમિયાન કોઈ પણ પ્રકારનો રાજકીય સહકાર ન મળતા તેમજ સરકારી કચેરીને તાળું મારવાથી પોલીસ ફરિયાદ થવાનો ભય ઊભો થતા સરપંચ દ્વારા પોતે કરેલ જાહેરાતનો સુરસુરિયુ થઈ ગયું હતું. આ બાબતે સરપંચ જયસુખભાઈ ખેતાણીને પુછવામાં આવતા ધારાસભ્ય સહિતના લોક પ્રતિનિધિઓ દ્વારા આ પગલું ન ભરવા માટે સમજણ આપેલ હોવાથી પોતે ગ્રામ પંચાયત કચેરીને તાળું મારવાનો કાર્યક્રમ જણાવ્યું હતું. ખાનગી સુત્રો માંથી મળેલ માહિતી મુજબ સરપંચે પણ તેમનું ઘર જે જમીન પર બનાવેલ છે તે સરકારી જમીન પણ દબાણ કરેલ હોવાનું ખુલ્લુ થવાના ડરને કારણે આ કાર્યક્રમ રદ કર્યો હોવાનું લોકોમાં ચર્ચા રહ્યું છે.

### સેવાકીય પ્રવૃત્તિ કરતા સદ્‌ભાવના ગૃપ દ્વારા

## સાવરકુંડલા ખાતે આજે ૧૦૬મો રકતદાન કેમ્પ : રકત દાતાઓ પધારે


### રકતદાતાઓને નોંધણી કરાવવા અનુરોધ

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરમાં સેવાકીય પ્રવૃતિઓ માટે સદાય અગ્રેસર સદભાવના ગ્રુપ આયોજિત ૧૦૬મો રકતદાન કેમ્પ આવતીકાલે તારીખ ૧૫/૫/૨૦૨૫ને ગુરૂવારે સાંજે ૪થી રાત્રે ૮ વાગ્યા સુધી અહી નાવલી નદી કાંઠે આવેલા મહાજન વાડીના પ્રથમ માળે યોજાશે. વાત કરીએ સદભાવના ગ્રુપની તો સામાજિક સેવાકીય પ્રવૃતિઓ ક્ષેત્રે સંસ્થાનું નોંધમાત્ર યોગદાન ગણવામાં આવે છે. આ ગ્રુપ એમ્બ્યુલન્સ સેવા, બ્લડ હેલ્પલાઈન, મેડિકલ સાધનો, અંતિમ ક્રિયા કીટ, ઓકિસજન કીટ, સબ ચોકી, મોક્ષ રથ, ડેડબોડી ફીઝર જેવી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ ધ્વારા સમાજની સેવા કરે છે. આ સેવાકીય કાર્યોની શ્રેણીમાં સદભાવના ગ્રુપ ધ્વારા ૧૦૬મો રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક લોકોને રજીસ્ટ્રેશન માટે નીચેના નંબરો પર સર્પક કરવા વિનંતી કરવામાં આવે છે. જયભાઈ ગઢીયા : ૯૯૨૪૦ ૮૧૯૦૦, રોનકભાઈ નાંઢા : ૯૦૩૩૩ ૨૯૦૯૯ સદભાવના ગ્રુપ ધ્વારા સમાજના હિત માટે આયોજિત આ ઉમદા કાર્યમાં વધુમાં વધુ લોકો જોડાયા અને રકતદાન જેવી જીવનદાયી પ્રવૃતિમાં સહભાગી બને તેવો અનુરોધ કરવામાં આવી રહ્યો છે.

# લીલીયા : ચેરમેન ભાવેશભાઈ રાદડીયાના માર્ગદર્શન તળે પ્રગતિ ક્રેડીટ સોસાયટીનાં ડીરેકટરોનો પ્રવાસ યોજાયો






લીલીયા મોટા પ્રગતિ ક્રેડિટ સોસાયટીની સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટર પરિવાર સાથે તેમજ સ્ટાફ સહિતની ટુરનું આયોજન થયું તે મુજબ સમગ્ર પ્રગતિની ટીમે અંબાજી માતાના દર્શન કરી પ્રવાસની શરૂઆત કરી બે દિવસ આબુ ફર્યા ત્યારબાદ co.op.coopsની નમૂનારૂપ સંસ્થાઓ એટલે મહેસાણામાં આવેલ એશિયાની સૌથી મોટી ડેરી એટલે દૂધસાગર ડેરીની મુલાકાત લઈ coperative વિશે જાણકારી મેળવી ત્યારબાદ વિશ્વની સૌથી મોટી co.op સંસ્થા iffcoની મુલાકાત (કલોલ પ્લાન્ટ) કરી. ત્યાં ખાતરની નેનો ટેકનોલોજી વિશે જાણકારી મેળવી નેનો ડીયેપી નેનો યુરીયા વિશે માહિતી મેળવી તેમજ યુરિયા કેવી રીતે બને તેમના સમગ્ર પ્લાન્ટની રૂબરૂ મુલાકાત લઈ પ્લાન્ટ નિહાળ્યો ત્યાર બાદ ગુજરાતનું નમૂનારૂપ માર્કેટિંગ ફેડરેશન એટલે ગુસકોમાસોલની મુલાકાત લઈ NCUI–IFFCO GUJCOMASOLના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના જન્મદિને તેમને રૂબરૂ શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## જ્ઞાતિ-જાતિનાં નામે સત્તા મળતી હોવાથી શહેરીજનોની કોઈ ચિંતા નથી

# લૂંટો ભાઈ લૂંટો : બગસરા પાલિકામાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ

**પાલિકાનાં શાસકો નાણા ઘરભેગા કરવા માટે માર્ગ બનાવે, તોડાવે અને પુનઃ બનાવ્યા કરે**

**મનફાવે તેમ જનતાનાં પરસેવાનાં રૂપિયા ઉડાઓ કોઈ ઓડિટ કરવાવાળુ જ નથી**

**ટોપ ટુ બોટમ સુધી સૌને મલાઈ મળતી હોય કોણ કોની તપાસ કરે અને કોણ કોની ફરિયાદ કરે**

**જો કે શહેરીજનો પણ ચૂંટણીનાં દિવસોમાં રોજબરોજની સમસ્યા ભૂલીને શાસકોનું પુનરાવર્તન કરશે**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૪

બગસરામાં પાલિકાએ ભ્રષ્ટાચારની હદ વટાવી નાખી હોય તેમ અનેક સારા રસ્તાઓ તોડીને નવા બનાવવાનું કામ ચાલુ છે. ત્યારે હાલમાં જ બનેલો જુના સ્વામિનારાયણ મંદિર બંગલી ચોક, ગોકુલપરા, નદીપરા, મફતિયાપરા આ તમામ જગ્યાએ સારો રોડ તોડી નવો રોડ બનાવવામાં આવ્યો હતો. જયારે આ તમામ રોડ હાલમાંજ રસ્તો બનાવ્યો તેને ફકત ૧૫ થી ૩૦ દિવસ જેટલો જ સમય થયો છે ત્યારે આ રસ્તાના હાલ બેહાલ થઈ ગયા છે. આ રોડ આશિયાના કનસ્ટ્રકશન દ્વારા બનાવવામાં આવેલ હતો. ત્યાર બાદ એજ કંપનીએ ફરી રીસર્ફિંગ કામનો કોન્ટ્રાકટ રાખવામાં આવેલ હતો જેના પેટા કોન્ટ્રાકટર વાંકિયાવાળા બ્રિજેશભાઈ અકબરીને આપવામાં આવેલ હતો. જયારે આ તમામ કામોની કિંમત અંદાજિત ૭૮ લાખ જેવી છે જે પૈકી ઘણા રસ્તાની આવી હાલત થઈ ગઈ છે. ત્યારે હાલમાં આ રસ્તાની હાલત અતિ બિસ્માર થઈ ગઈ છે. જયારે આ રસ્તો બન્યો એને ફકત ૧૫ થી ૩૦ દિવસ જેટલો જ સમય થયો છે ત્યારે આ રસ્તા ઉપરથી કાંકરીઓ નીકળી ખાડાઓ પડી ગયા છે. પરંતુ પાલિકા દ્વારા આ કનસ્ટ્રકશન કંપની ઉપર કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલી નથી અને હાલમાં આવા નવા બનાવેલા રોડ ઉપર થિગડા મારી પ્રજાના રૂપિયાનો વ્યય કર્યો હતો. ત્યાર બાદ હાલમાં ફરી આ રોડ ઉપરથી કાંકારીઓ નીકળવા લાગી છે અને આ રોડ મરણ પથારીએ પડયો છે.

જયારે આ બાબતે વિરોધ પક્ષના નેતા જમાલ સરવૈયા દ્વારા આવા લોકોનો ભાંડો ફોડવાનો પ્રયત્ન કરી સોશ્યલ મીડિયામાં પોસ્ટ મુકવામાં આવી હતી કે, બગસરા પાલિકા તેમજ એન્જીનીયર ઉપર સીધો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. આ તમામ લોકો દ્વારા ભ્રષ્ટાચારની હદ વટાવી દીધી છે અને પ્રજાના પૈસાનો ધુમાડો કરી નાખ્યો હોય તેમ લોકોના રૂપિયા વેડફી નાખ્યા છે અને હવે લોકોને ઊંધા ચશ્મા પહેરાવતા સત્તાધીશો તેમજ એન્જીનીયર દ્વારા થીગડા મારવામાં આવ્યા હતા તેમ છતાં થીગડા મારી લીધા પછી પણ આ રોડમાં કાંકરીઓ નીકળવા લાગી છે. ત્યારે સત્તાધિશો અને કોન્ટ્રાકટર પોતાના ખીસ્સાઓ ભર્યા કર્તા હોઈ તેવું લાગી રહયુંછે. શહેરમાં આવા ઘણા બધા એવા રસ્તાઓ છે જે રીસર્ફિંગના નામે સારા રસ્તા તોડીને નવા બનાવવાનું કામ કરવામાં આવ્યું હતું, પરંતુ તમામ વિસ્તારોમાં કાંઈક આવી જ હાલત છે. જયારે આ તમામ રોડની ત્રણ વર્ષ ની ગેરંટી છે અને કાંઈ પણ થાય તો એજન્સી બંધાયેલ છે છતાં થીગડા મારવામાં આવ્યા હતા. જયારે આજે આ તમામ રોડને ત્રણ મહિના જેવો સમય વીતતા આ

અનુસંધાન પાના ૬ ઉપર

## સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી વકીલ વિકાસ વડેરાની દલીલોને આધારે

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારની તરૂણીને લલચાવી-ફોસલાવી અપહરણ કરી શરીર સંબંધ બાંધનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**આરોપી પ્રભુભાઈ બેડોલને રૂપિયા ૨ લાખનો દંડ પણ કરવામાં આવ્યો**

અમરેલી, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૬ વર્ષિય તરૂણીને સવા વર્ષ પહેલાં એક પરપ્રાંતિય ડ્રાઈવર શખ્સ લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ ગયા બાદ આ તરૂણી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધેલ હોય આ અંગે જે તે સમયે સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી તથા

અનુસંધાન પાના ૬ ઉપર





















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)